॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૭ મે - ૨૦૧૮

રૂા. ૫/૦૦












ગામ રામપર હાલે નાઈરોબીના પ.ભ. શાન્તીલાલભાઈ વેલજી ભંડેરી પરિવારના યજમાન પદે ભુજ શ્રી નરનારાયણદેવનો ૧૯૫ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

# ગામ રામપર હાલે નાઈરોબીના પ.ભ. શાન્તીલાલભાઈ વેલજી ભંડેરી પરિવારના યજમાન પદે શ્રી નરનારાયણદેવનો ૧૯૫ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો





























॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामके : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૭ અંક-૧૨ મે-૨૦૧૮
સળંગ અંક-૩૮૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેકસ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ -૬ | ૫ |
| કવિ બ્રહ્માનંદની કમનીય કીર્તનકળા | ૭ |
| હેન્ડ-ટુ-હેન્ડ શેઈક હેન્ડ વીથ શ્રીહરિ | ૯ |
| "છ સોનેરી સૂત્રો દ્વારા આરોગ્ય જાળવવું એકદમ સરળ" | ૧૧ |
| હળિયાદનાં રૂકમાઈબાઈ | ૧૩ |
| જોબનપગીનું આખ્યાન | ૧૫ |
| ભગવદ્કૃપા !! | ૧૬ |
| ભગુજી ઘવાયા | ૧૭ |
| એકાંતિક હરિભક્ત | ૧૮ |
| મન વિશે મનન | ૧૯ |
| સત્સંગ સમાચાર દેશ | ૨૦ |
| સત્સંગ સમાચાર વિદેશ | ૩૦ |
| બાલ સંદેશ : પુરૂષોત્તમ માસનું મહાત્મ્ય | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



સર્વે હરિભક્તો વાચકોને ઘણા ઘણા પ્રેમથી જયશ્રી સ્વામિનારાયણ.

શિક્ષણ અનિવાર્ય છે. શિક્ષણની ભૂખ જાગી ઉત્તમ બાબત છે. ચપોચપ શિક્ષણ સંસ્થાઓ ઊભી થઈ. પણ શિક્ષણનો હેતુ માર્યો જતો જોવા મળે છે એ અત્યંત દુઃખદ ઘટના છે. સંસ્કારો-ધર્મથી વિમુખ કરી દે એ શું શિક્ષણ કહેવાય ? માત્રને માત્ર કહેવાતા શિક્ષિત ધર્મ વિરુધ્ધ, સામાજિક રિવાજો વિરુધ્ધ આચરણ કરી બેસતા હોય છે. પરિણામે સમાજ વ્યવસ્થા તૂટતી જાય છે. આ અરાજકતા અસહ્ય બનતી જાય છે. આક્રોશ જોવા મળે છે પણ રસ્તા મળતા નથી. સંસ્કારી સત્સંગી સમાજની દીકરીઓ વિધર્મી અને અખાદ્ય અભક્ષ્ય ભોજન કરનારા સમાજની વ્યક્તિ સાથે પ્રેમ સંબંધે જોડાઈને લગ્ન સંબંધે જોડાય છે. આવી ઘટનાઓ છાશવારે બનતી જોવા મળે છે જે અસહ્ય છે. જેનું માધ્યમ બને છે શિક્ષણ સંસ્થાઓ, કોલેજો ! આનો ઉકેલ સમાજના મોવડીઓ જો કાઢી શકતા ન હોય તો ધર્મના સંસ્કારો થકી તેનો ઉકેલ લાવી શકાય. સંસ્કારો ભૂલાવી દે એ શિક્ષણ તો ન જ કહેવાય. જ્યાં સંસ્કારોનું જતન થતું હોય તેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ઊભી કરવાની તાતી જરૂર જણાય છે પછી ભલેને સમાજકક્ષાએ કે ધાર્મિક સંસ્થા કક્ષાએ ઊભી કરવામાં આવે. ઉપરાંત આવી સંસ્થાઓમાં શિક્ષણની સાથે સાથે ભારતની પ્રાચીન પરંપરાઓ અને સિધ્ધાંતોથી પણ વિદ્યાર્થીઓને અવગત કરવવાનું ફરજિયાત કરવામાં આવે તો સમાજમાં ફેલાતી વિકૃત્તિઓ પર અંકુશ અવશ્ય આવે એ વાત નિઃસંદેહ છે. સાથોસાથ આવી સંસ્થાઓના સંચાલનનું સુકાન સાચા સજ્જન લોકો તેમજ સાચા સંતોનાં હાથમાં સોંપવું જોઈએ. બ્રહ્મનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓ જો આ કાર્ય ઉપાડી લે તો સ્વધર્મનું રક્ષણ થાય, પરંપરાઓનું જતન થાય અને સુસંસ્કારોનું સિંચન થાય. પરિણામે સમાજમાં ઉદ્‌ભવતી અનેક વિકૃત્તિઓ અટકે અને સમસ્યાઓનું સમાધાન થાય. ધર્મ પરિવર્તન તેમજ વિધર્મી સાથેના લગ્નના બનાવો બનતા અટકી જાય. હિન્દુ હોવાના ગૌરવ સાથે હિન્દુત્વ જાગૃત થાય.

બીજું અધિક માસનું આગમન થઈ રહ્યું છે. અધિક માસનો મહિમા અધિક છે. માસાનામ્ ઉત્તમઃ અધિક માસ. જેને પુરુષોત્તમ માસ પણ કહે છે. ભગવાન શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાનનો મહિમા ગાતો માસ તે અધિક માસ. અધિક માસમાં દાનધર્મનો ખૂબ જ મહિમા વર્ણવેલા છે. આપણા હિન્દુ ધર્મશાસ્ત્રો પ્રમાણે આવતા બધાજ ધાર્મિક ઉત્સવો પ્રતિકરૂપે આ માસમાં ઉજવવામાં આવતા હોય છે. આપણા મંદિરોમાં પણ અધિક માસનો ખૂબ જ મહિમા ગાવામાં આવ્યો છે. દરેક સત્સંગી ભાઈ-બહેનોએ આ માસમાં પૂર્ણ શ્રધ્ધા ભાવથી શ્રીહરિનું પૂજન અર્ચન વિશેષ કરવું જ જોઈએ.

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ -૬

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ

## સંપ્રદાયમાં યુગલ ઉપાસના

વૈષ્ણવ સંપ્રદાયો ઘણા છે. તેમાં સાક્ષાત્ શ્રીનારાયણ દ્વારા ઉપદિષ્ટ પરંપરાન્તર્ગત જે સંપ્રદાય આવે છે તે શ્રીવૈષ્ણવ સંપ્રદાય છે. તે પરમવૈષ્વણ સંપ્રદાય, શ્રીરામાનુજ સંપ્રદાય, પરમવૈદિક સંપ્રદાય આદિ નામોથી પ્રસિદ્ધ છે. ઉદ્ધવ સંપ્રદાય પણ દીક્ષા અને જ્ઞાનની દૃષ્ટિએ આ સંપ્રદાયની પરંપરામાં આવે છે. કારણ કે આ સંપ્રદાયમાં પરમવૈદિક સિદ્ધાન્ત છે.''**श्रीविष्णुरेव प्राप्यतया प्रापकतया च अङ्गी कुर्वन्ति न तु देवतान्तरम्**''। આ સંપ્રદાયમાં દ્વયમન્ત્ર અનુસાર પ્રાપ્યરૂપમાં મિથુન (યુગલ)રૂપ 'લક્ષ્મીજી અને નારાયણ'ની ઉપાસના થાય છે. યદ્યપિ સ્વયં લક્ષ્મીજી પણ નારાયણની સેવામાં સદાય રહે છે. પણ આ સિદ્ધાન્ત પ્રમાણે આ લોકમાં ભક્તો નારાયણની સાથે લક્ષ્મીજીની સેવા કરે છે તેવીજ રીતે પરલોક(અક્ષરધામ)માં મુક્તો ભગવાન નારાયણની સાથે લક્ષ્મીજીની પણ સેવા કરે છે. તેથી આ સંપ્રદાયમાં **યુગલ ઉપાસના** અથવા **મિથુનાયન** કહેવાય છે. **'લક્ષ્મીજી અને નારાયણ' 'રાધા અને કૃષ્ણ' 'સીતા અને રામ' 'શ્રી અને નારાયણ'** ની સાથે ઉપાસના કરવામાં આવે છે. એજ ઉદ્ધવ (શ્રીસ્વામિનારાયણ) સંપ્રદાયની પરંપરા છે.

ઉદ્ધવ (શ્રીસ્વામિનારાયણ)સંપ્રદાયના બધા મંદિરોમાં લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધારમણ આદિ લક્ષ્મીજી સહિત ભગવાના સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.

**પ્રશ્ન** :- સ્વામિનારાયણ મંદિરોમાં **હરિકૃષ્ણ મહારાજ, ઘનશ્યામ મહારાજ, સહજાનંદ સ્વામી** આદિ એક સ્વરૂપની પૂજા-અર્ચના કરવામાં પણ આવે છે તો **'એકાયન ઉપાસના'** થઇ તેનું શું સમજવું ?

**સમાધાન** :- આ સંપ્રદાયના બધાં શાસ્ત્રોમાં યુગલ ઉપાસનાનું જ પ્રતિપાદન કર્યું છે. ભગવાનના નામની જે ભક્તો કંઠમાં કંઠી ધારણ કરે છે તે પણ બે સેરવાળી છે. અર્થાત્ એક લક્ષ્મીજીનું પ્રતીક છે અને એક નારાયણનું પ્રતીક છે. ભાલમાં ઉર્ધ્વપુન્ડ્ર તિલક કરવામાં આવે છે તે પણ બે છે. તિલક એ નારાયણના પાદાર્વિંદનું પ્રતીક છે અને ચાંદલો એ લક્ષ્મીજીનું પ્રતીક છે. જ્યાં એક **હરિકૃષ્ણ મહારાજ, ઘનશ્યામ મહારાજ, સહજાનંદ સ્વામી** આદિ સ્વરૂપોનું પૂજન કરવામાં આવે છે ત્યાં પણ યુગલ ઉપાસના જ થાય છે. શાસ્ત્રોમાં ભગવાનના અવતારોની વાત કરવામાં આવી છે કે ભગવાન જીવોના કલ્યાણ અર્થે આ પૃથ્વીપર જુદા જુદા સ્વરૂપે અવતાર ધારણ કરે છે. -

**''ગામ ભાદરણના પાટીદાર ભગુભાઈ શ્રીજીમહારાજ પાસે આવ્યા હતા. તેણે પૂછ્યું જે, ''હે મહારાજ ! આ સમાધિ તે કેમ થતી હશે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જીવોના કલ્યાણને અર્થે આ ભરતખંડમાં ભગવાન અવતાર ધરે છે. અને તે ભગવાન જ્યારે રાજારૂપે હોય ત્યારે તો ઓગણચાળીશ લક્ષણે યુક્ત હોય, અને દત્ત, કપિલ જેવા સાધુરૂપે હોય ત્યારે તો ત્રીશ લક્ષણે યુક્ત હોય. તે ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જ આવતી હોય પણ એ અતિશે અલૌકિક મૂર્તિ છે. જેમ પૃથ્વીને વિષે સર્વે પથરા છે તેમ ચમકપાણ પણ પથરો છે, પણ ચમકપાણમાં સહેજે એવો ચમત્કાર રહ્યો છે જે, ચમકના પર્વતને સમીપે વહાણ જાય ત્યારે તેના**

**ખીલા ચમકના પાણા પાસે તણાઈ જાય છે. તેમ ભગવાનની જે મૂર્તિ રાજારૂપે છે ને સાધુરૂપે છે તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેનાં ઈન્દ્રિયો ભગવાન સામાં તણાઈ જાય છે ત્યારે સમાધિ થાય છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કરીને ગોકુળવાસી સર્વેને સમાધિ થઈ હતી, અને ભગવાને તે સમાધિમાં પોતાનું ધામ દેખાડ્યું હતું. તેવી રીતે જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિને વિષે એવો ચમત્કાર જરૂર હોય, તે જે શ્રદ્ધાએ યુક્ત ભગવાનનાં દર્શન કરે તેનાં ઈન્દ્રિયો સર્વે ભગવાન સામાં તણાઈ જાય અને તત્કાળ સમાધિ થાય. અને કોઈક સમયમાં ભગવાનને ઘણાક જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે તો અભક્ત જીવ હોય અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે, તો ભગવાનના ભક્તને થાય એમાં શું આશ્ચર્ય છે ?''**(વ.વ.૧૩મું)

આ પ્રમાણે શાસ્ત્રોના સિદ્ધાન્ત પ્રમાણે આ સમયે ભગવાન શ્રીસ્વામિનારાયણ સાધુરૂપે આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો હતો તેથી પ્રત્યક્ષરૂપમાં લક્ષ્મીજી સાથે નથી છતાં પણ ભગવાનના હૃદયમાં સદાય વિરાજમાન છે. શ્રીહરિએ સ્વલિખિત શિક્ષાપત્રીમાં કહે છે. -

**''वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥''**
(शि.श्लो.१)

**'શ્રી'** અર્થાત્ લક્ષ્મીજી ભગવાનના વક્ષસ્થલ (હૃદય)માં નિત્ય રહે છે. જ્યારે સંતો-ભક્તો હરિકૃષ્ણ મહારાજ, ઘનશ્યામ મહારાજ, સહજાનંદ સ્વામી આદિ દિવ્યવિગ્રહનું પૂજન કરે છે ત્યારે ભગવાનના હૃદયકમળમાં વિરાજમાન લક્ષ્મીજીનું પણ પૂજન સાથે થઇ જાય છે. તેથી **યુગલ ઉપાસના** અથવા **મિથુનાયન ઉપાસના** સહજ થઇ જાય છે.

મધ્વ સંપ્રદાય તથા વલ્લભ સંપ્રદાયાદિક વૈષ્ણવ સંપ્રદાયોના સિદ્ધાન્ત પ્રમાણે આ લોકમાં ભક્તો વિશેષરૂપથી કેવળ ભગવાન કૃષ્ણની પૂજા-અર્ચના-ઉપાસના કરે છે અને ભગવાનના ધામમાં પણ મુક્તો નારાયણની સેવા કરે છે. અર્થાત્ મુક્તો લક્ષ્મીની સેવા નથી કરતા, તે સમયે સ્વયં લક્ષ્મીજી પણ મુક્તોની સાથે ભગવાનની સેવા કરે છે. એવી રીતે કેવળ એકાયન ભગવાનની સેવા - ઉપાસના કરવાથી આ સંપ્રદાયના સિદ્ધાન્તમાં **'એકાયન'** ઉપાસના કહેવાય છે. ક્રમશઃ

# આગામી માસની કથાઓ

| તારીખ | ગામ | યજમાનશ્રી |
|---|---|---|
| ૯-૫-૧૮ થી ૧૩-૫-૧૮ | સુખપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૫-૫-૧૮ થી ૧૯-૫-૧૮ | ભુજ | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૩-૫-૧૮ | સહજાનંદ ગુરુકુલ માનકુવા | નવી બિલ્ડીંગનું વાસ્તુપૂજન |
| ૨૫-૫-૧૮ થી ૨૯-૫-૧૮ | સુખપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૫-૫-૧૮ થી ૨૯-૫-૧૮ | માનકુવા | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨-૬-૧૮ થી ૬-૬-૧૮ | ભુજ | કથા પારાયણ દિવસ પાંચની |

# કવિ બ્રહ્માનંદની કમનીય કીર્તનકળા

- મહાદેવ ધોરિયાણી

બ્રહ્માનંદ સ્વામીએ ભુજની વ્રજભાષાની પાઠશાળામાં ૧૦ વર્ષ નિવાસ કરી વિધિસર પિંગળશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. ભુજમાં સહજાનંદ સ્વામીના પ્રથમ દર્શને તેમને પ્રથમ કાવ્યની સ્ફુરણા થઈ. મહારાજે તેમને દીક્ષા આપી 'શ્રીરંગદાસ' નામ રાખ્યું.

સહજાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપનો મહિમા

બ્રહ્માનંદ સ્વામીએ સ્વામી સહજાનંદ પ્રત્યે અનન્ય ભક્તિ પ્રગટ કરતાં કેટલાંક પદો લખ્યાં છે : 'આજની ઘડી, મારા હૃદિયામાંય', તથા 'સહજાનંદ સહજાનંદ', 'સહજાનંદ સુખકારી રે', તથા 'સુણ સાહેલી' - એ પાંચ પદોમાં શ્રીજીમહારાજનો ઉલ્લેખ છે. બાકીના ચારેક જેટલાં પદો એવાં છે, જેનું સ્વરૂપ કૃષ્ણભક્તિનું છે. પરંતુ એ પદો સહજાનંદ સ્વામીને અનુલક્ષીને લખાયેલાં છે. 'અધમ ઉધારણ', 'રે સગપણ હરિવરનું સાચું', 'મેં ઢાઢી મહાચકો' તથા 'તારો ચટક રંગીલો છેડલો' એ ચાર પદો એ પ્રકારના છે. 'બાર મહિના' અને 'ઘનશ્યામાષ્ટક'એ બંનેમાં 'ઘનશ્યામ' તરીકે શ્રીજીમહારાજનો ઉલ્લેખ છે.

તેમણે સ્વામી સહજાનંદ સ્વરૂપનો મહિમા પોતાની આગવી શૈલીમાં સુપેરે ગાયો છે :

'આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;
મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.'

★★★

'મારા હૃદિયામાંય, રાત દિવસ એક રટના સહજાનંદની;
દગ આય વસી, સુંદર શ્યામ સ્વરૂપ છબી જગવંદની'

ઉપરોક્ત પંક્તિઓમાં શ્રીજીમહારાજના મોહક સ્વરૂપનું ચિત્ર બ્રહ્માનંદ સ્વામીએ દોરી આપ્યું છે. આ બંને પદોમાં સહજાનંદ સ્વામી પ્રત્યેની તેમની શ્રદ્ધા અને ભક્તિ વ્યક્ત થઈ છે.

**સહજાનંદમય બનતા બ્રહ્માનંદ**

'સહજાનંદ સહજાનંદ' અને 'સહજાનંદ સુખકારી રે' – એ બંને પદોમાં બ્રહ્માનંદ સ્વામી સહજાનંદમય બની જાય છે. શ્રીજીમહારાજની છબી ઉપર વારંવાર વારી જાય છે.

'બ્રહ્માનંદ વાર વાર, છબી પર બલ જઈએ;
સહજાનંદ, સહજાનંદ, સહજાનંદ કહીએ.'

'સહજાનંદ સુખકારી રે'માં એક બાજુ પરમાત્માના નિરંજન નિરાકાર સ્વરૂપની વાત કરી છે તો બીજી બાજુ પરમાત્મા સંતોમાં રહે છે. પરમાત્મા સહજાનંદ સ્વરૂપે પ્રગટ થયા છે. સહજાનંદ ભીનેવાને છે અને બ્રહ્માનંદના સ્વામી છે. આ રીતે બ્રહ્માનંદ સ્વામીએ અપાર સુખ આપનારી સહજાનંદ સ્વામીની સલુણી મૂર્તિનો મહિમા હૃદયના અનત ઊંડાણથી ગાયો છે.

**બ્રહ્માનંદ સહજાનંદને ગોપીભાવે ભજે છે**

'સુણ સાહેલી' નામના એક પદમાં બ્રહ્માનંદ સ્વામીના 'ગોપીભાવ' વ્યક્ત થાય છે. અહીં કવિ બ્રહ્માનંદનો 'સમર્પણ ભાવ' પ્રગટ થયો છે.

'સુણ સાહેલી! સહજાનંદ સંગાથે મારે પ્રીતડી'

અહીં બ્રહ્માનંદ 'ગોપીભાવ' ધારણ કરે છે. તે એની સાહેલીને ઉદ્દેશીને કહે છે કે, હે સાહેલી! મને સહજાનંદની લગની લાગી છે. હવે હું કોઈથી ડરતી નથી. મેં લોકલાજનો સદંતર ત્યાગ કર્યો છે. મને ઘર કે ધંધો કે એવું કંઈ ગમતું નથી. એક સહજાનંદ જ મારા હૃદયમાં નિરંદર રમે છે.

એમનો ઊંડો ભક્તિભાવ અન્ય કેટલાંક પદોમાં પણ અભિવ્યક્ત થયો છે.

'રે સગપણ હરિવરનું સાચુ'નાં પદોમાંથી પ્રગટતાં શ્રીકૃષ્ણ પ્રત્યેનાં ગોપીઓના વિવિધ ભાવસ્પંદનો ઘણાં મોટા પદમાં છવાઈ ગયાં છે. આ પદોમાં ભક્તિશૃંગારના અનેરા, અનોખા અને અદ્વિતીય આલેખનમાં કૃષ્ણ અને ગોપી કવિ બ્રહ્માનંદની અભિવ્યક્તની સબળ સામગ્રી બની રહ્યા છે. આ પદોમાં એમની અલૌકિક પ્રેમલક્ષણા ભક્તિ લૌકિક પ્રેમભાવની ભાષામાં જ વ્યક્ત થાય છે. તેમની ભક્તિ

કૃષ્ણ, રાધા અને ગોપીઓને અવલંબીને રજૂ થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે, પ્રસ્તુદ પદોમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેનાં ગોપીઓના અને રાધાના વિવિધ ભાવસ્પંદનો વ્રજભાષા, કચ્છીભાષા, રાજસ્થાની ભાષા અને ગુજરાતી ભાષામાં અભિવ્યક્તિ પામ્યા છે. કૃષ્ણ તો સાચાં મોતી કરતાં પણ મોંઘા છે.

અહીં કવિ તરીકે બ્રહ્માનંદ સ્વામીની રજૂઆત રચના શૈલી અને અભિવ્યક્તિની કલા પોતાની આગવી છે. ગોપી કૃષ્ણના સૌંદર્યથી મુગ્ધ બની છે : 'લટકાળા હો લાલ,' 'લાગ્યો મારે નટવરથી નેડો', 'વહાલા લટકાં તમારાં' વગેરે પદોમાં બ્રહ્માનંદ સ્વામી ગોપીમુખે શ્રીકૃષ્ણની લાક્ષણિક છબી દોરી આપે છે.

વળી, કેટલાંક પદોમાં ગોપીઓના તીવ્ર વિરહભાવ ગાયો છે. આ વિરહભાવ તેમણે વ્રજ ભાષામાં પ્રગટ કર્યો છે. ગોપીનો ભક્તિભાવ પ્રગટ કરતાં પદોમાં સમર્પણભાવ, દૃઢતા, આરત, ખુમારી અને સ્ત્રી હૃદયના સૂક્ષ્મ ભાવોનું પ્રકટીકરણ જોવા મળે છે. આ પદો લગભગ ૨૨ જેટલાં છે. ચિત્રાત્મક નિરૂપણ એ કવિ બ્રહ્માનંદની એક વિશેષતા છે.

'માનીતીને મનાવવા, પોતે હરિ આવ્યા;
રાધા કાજે ફૂલના ગજરા ગૂંથી લાવ્યા.'

કૃષ્ણની પ્રિયતમો બનવાની અધિકારી એવી રાધાની મહત્તાને બ્રહ્માનંડ રૂડી રીતે પ્રગટ કરી આપી છે. ગોપીની ઉક્તિરૂપે ૩૨ જેટલી રચનાઓ છે. અહીં ગોપીહૃદયના ભાવસ્પંદનોનું પારદર્શક આલેખન એ કવિ બ્રહ્માનંદની આગવી વિશેષતા છે.

**પદોમાં સંગીતમય રાગરાગિણીઓ**

બ્રહ્માનંદ સ્વામી સંગીતના મહાન જાણકાર હતા. તેથી અનેકવિધ રાગરાગિણીઓમાં ગાઈ શકાય તે રીતે પદો રચ્યાં છે. આ પદોને કોઈ ગાયકને કંઠે સાંભળવાં એ એક લ્હાવો છે, ચારણી છંદોનું પ્રયોજન દાદ માગી લે તેવું છે. તેમણે પાંચ ભાષાઓમાં પદ રચના કરી છે. ભાષા સાદી, સરળ અને પ્રાસાદિક છે.

'શ્રી રાસાષ્ટક'માં એમની વર્ણનછટા જોઈએ :

'ઝણણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર,
ગોમ ધણણણ ગણણણ ગયણે;
તણણણ બજ તંત ઠણણ ટંકરાવ,
રણણણ સુર ધણણ રયણે.'

અત્રે 'રવાનુકારી શબ્દો' દ્વારા સુંદર શબ્દચિત્ર દોર્યું છે. કેટલીક પંક્તિઓમાં 'પુનરુક્તિ' દ્વારા 'સૌંદર્ય સાધે છે.'

'હરિહર આજ હરે હરે, વિકસિત સુર બેર બેર,
ફરગટ ધર ફેર ફેર, નટવર નાચે.'

★★★

'ધણ રવ પટ ફરર ધરર પદ ઘૂઘર,
રંગભર સુંદર શ્યામ રમે...'

ટૂંકમાં, બ્રહ્માનંદ સ્વામીએ પોતે ગોપી બનીને અવતારના અવતારી સહજાનંદ સ્વામીને ભજ્યા છે.

**સહજાનંદ બ્રહ્માનંદની ખરી માતા છે**

કૃષ્ણભક્તિનાં પદો ઉપરાંત બ્રહ્માનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની ભક્તિનાં પદો લખ્યાં છે. 'બ્રહ્માનંદ'ને સહજાનંદ સ્વામી 'સખા' કહેતા.

બ્રહ્માનંદનું પૂર્વાશ્રમનું નામ લાડુ બારોટ હતું, જ્ઞાતિએ ચારણ. પિતાનું નામ શંભુદાન અને માતાનું નામ લાલુબાઈ. જ્યારે લાડુદાન દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે સગાવહાલાં લાડુદાનને દીક્ષા ન લેવા સમજાવે છે. પરંતુ લાડુદાન અડગ રહે છે. છેલ્લે લાડુદાનની માતા 'લાલુબા' લાડુદાનને સમજાવવા આવે છે. લાલુબાઈને અનન્ય વાત્સલ્ય પ્રેમ અને માતૃત્વનો ભાવ અનુભવતા જોઈને સહજાનંદ સ્વામી કહે છે :

'લાલુબા, હું આજથી લાડુદાનની મા થાઉં છું.'

બ્રહ્માનંદ સ્વામીએ પ્રસ્તુત પ્રસંગને 'અધમ ઉધારણ' નામના પદમાં શબ્દસ્થ કરેલ છે :

'ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે.'

આ પદમાં બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજને માતૃસ્વરૂપે જુએ છે.

'રે સગપણ હરિવરનું સાચું;

બીજુ સર્વે ક્ષણભંગુર કાચું.'

સાચું સગપણ તો એક હરિવરનું છે. એ સગપણ શાશ્વત છે. બાકી માતાનું, પિતાનું - એ બધાં સગપણ ક્ષણભંગુર છે. આ પદમાં બ્રહ્માનંદની ત્યાગભાવના, વૈરાગ્ય ભાવના અને ભક્તિભાવના રમણીય રીતે વ્યક્ત થઈ છે.

'તારો ચટક રંગીલો છેડલો'માં મહારાજના સ્વરૂપનું વર્ણન કર્યું છે. ભક્તિએ તલવારની ધાર પર ચાલવા જેવું કામ છે. ભક્તિએ તલવારની ધાર પર ચાલવા જેવું કામ છે. રે શિર સાટે નટવરને વરીએ.' બ્રહ્માનંદની ઉપદેશપ્રધાન રચનાઓ તેમના પાંચેક ગ્રંથોમાં અનેરી, અનોખી અને અલૌકિક છે. અહીં નારાયણનું નામ લેવાની શિખામણ છે. માનવીનું શરીર ક્ષણભંગુર છે. એનો નાશ થતા વાર નહિ લાગે. માટે અભિમાન ન કરવું જોઈએ એવો બોધ, સદાચાર અને ભક્તિનો બાંધ છે. આ પદોમાં બ્રહ્માનંદની આરત અને ભક્તિભાવ ભળેલાં છે. અહીં કવિ બ્રહ્માનંદની કવિત્વશક્તિ પણ કારણભૂત છે. કેટલાક ગ્રંથોમાં તત્ત્વદર્શન અને ઉપદેશ બંને છે. અહીં જ્ઞાનનું પ્રદર્શન કે તત્ત્વનું ટૂંપણું નથી દેખાતું. બ્રહ્માનંદ સ્વામીએ બહુ સરળ ભાષામાં અનેકવિધ દૃષ્ટાંતો દ્વારા પોતાની વિશિષ્ટ શૈલી દ્વારા સુપેરે તત્ત્વદર્શન અને ઉપદેશનો સુભગ સમન્વય કર્યો છે.

# હેન્ડ-ટુ-હેન્ડ શેઈક હેન્ડ વીથ શ્રીહરિ

**- હિંમ્મતભાઈ ઠક્કર - રઘુવંશી**

આજનો માનવ અદ્‌ભુત છે..! પંચમહાભુતનું બાવલું પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, તેમના તન્માત્રાઓના શસ્ત્રોથી સુસજ્જ છે. તેને સદાયે ધસમસતો, ધમધમતો અને ધીંગામસ્તીમાં ઓતપ્રોત રાખનારુ મરકટી 'મન' તેમાં ઉદ્‌ભવતા કરોડો વિચારોને ગાળી, છાણી, તારીને ટપોરીને પોતાને મનગમતાનો માલિક બની બેસવા અણીયાળી બુધ્ધિ, પોતાનાં ધાર્યા કામ કરવા શક્તિશાળી ચિત્તના અહંપોષી આવરણોથી આ બરડ બાવલાના સમગ્ર વ્યક્તિત્વમાં સદાયે હણહણતો 'હું'..'હું' ને 'હું' પકડે છે. આ બધી જ આ ક્ષણ ભંગુર બાવલાની આપખુદ દુનિયા છે.

આ અદ્‌ભુત બાવલાને પ્રભુ મંદિરનું મહત્ત્વ મંદિરમાંની પ્રાણપ્રતિષ્ઠિત પરમાત્મા-મૂર્તિમાંથી જીવમાત્ર માટે ખડખડ ઝરણા સ્વરૂપે ઝરતો દિવ્યપ્રેમ, આધ્યાત્મિક સદ્‌ગુરુની અસીમ કૃપા ઈત્યાદિ કેમ સાંભરે ? અને તેને કોણ સંભળાવે ? આવા માનવને વેદો કહે છે કે હે માનવ ! તું તો અમૃતસ્ય પુત્રાઃ છો. તને આ માનવદેહ કંઈ કેટલાયે જન્મોનાં પુન્યોનાં પ્રતાપે મળ્યો છે. માટે સાવધાન થઈને તેને સફળ બનાવી જા.

સ્વામી વિવેકાનંદજીએ તેમના સદ્‌ગુરુ રામકૃષ્ણજીના આશીર્વાદથી માનવ જાત માટે ઘોષણા કરી હતી કે, ''હે માનવ ! તું તને પોતાને જ ઓળખ..!''

ઓળખાણ કરવા કરાવવા માટે માનવ 'હેન્ડ ટુ હેન્ડ શેઈકહેન્ડ' કરીને સંબંધોની સ્થાપના કરી સામાજિક કે ધંધાદારી વ્યવહારો અને લાભો મેળવતા હોય છે. બે વ્યક્તિઓના હાથોની શેઈક હેન્ડ અનેકાનેક સંબંધો ઊભા કરતી હોય છે.

ઈશ્વરે માનવને જે અદ્‌ભુત ઈંન્દ્રિયો આપી છે તે બધાને ઉપયોગ કરી માનવ જાણ્યે અજાણ્યે પણ સંબંધોની વ્યાપક માયાજાળ પાથરી શકે છે.

મંદિરમાં પરમાત્માની પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિથી સંપર્ક સ્થાપવા માટે આપણી બધી જ ઈન્દ્રિયો છે. સામાન્યતઃ તેમાં ટૂ-વે-દ્વિમાર્ગી વિચાર પરિવહન-ટ્રાફિક ચાલે છે. આવા ટ્રાફિકનો ઈન્દ્રિયોમાં સતત ધબધબાટ ને ધમધમાટ ચાલે છે. જીવાત્મા આવા ત્રાસથી છૂટવા શાંતિ ઝંખે છે ને મંદિર-મૂર્તિ દર્શનથી શાંતિ મેળવવા પ્રયત્ન કરે છે. ઊંડી શાંતિ પામવા માટે મૂર્તિ-દર્શન-શાસ્ત્ર પણ છે.

માનવીય ઈન્દ્રિયોમાં દેવ-દાનવ, સત-અસત,

ભાવ-કુભાવ જેવા દ્વંદ્વો ભર્યાં પડ્યાં છે. જેના પરિણામે માનવ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સમસ્યાઓમાં ફસાયેલો રહે છે. આમાંથી માનવને એક સત્સંગીને ઉગારી મોક્ષમાર્ગી કરવા આંતરિક ટ્રાફિક કંટ્રોલની ખૂબ જરૂરી છે તે શ્રી સહજાનંદ સ્વામી મહારાજે મંદિરો, સંતો, સદ્‌ગુરુઓના માધ્યમથી શાસ્ત્રોક્ત પધ્ધતિ પર આધારિત જ્ઞાન-કર્મ-ભક્તિ માર્ગોની ટ્રાફિક કંટ્રોલ વ્યવસ્થા ઊભી કરી છે. પીળી બત્તી બતાવી સત્સંગીને થોભાવવામાં આવે, લાલ બત્તી વાળી નિશાનીવાળા રસ્તે જવાનું જ નથી અને લીલી બત્તી સળસળાટ ભાગવાની છૂટ આપે. પરિણામે જીવાત્મા અકસ્માતોથી બચેને પ્રેમે કરી પ્રભુ ભક્તિ કરી સુખિયો થાય.

માટે જ તુલસીકૃત રામાયણના રચયિતા મહાકવિ સંત તુલસીદાસજીએ દોહામાં ટકોર કરી છે કે,

''એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ,
તુલસી સંગત સંત કી, કટે કોટી અપરાધ.''

સૂક્ષ્મ ઊર્જા વિજ્ઞાન કહે છે કે ગમે તેને 'હેન્ડ ટુ હેન્ડ શેઈક હેન્ડ' ન કરાય. તેથી માનવે પોતાની ૧૯ દિવ્ય શક્તિઓ વળે પરમાત્માભિમુખ થઈ પ્રભુને જ શેઈક હેન્ડ કરવી.

કલિયુગનાંને આપણા જ જમાનાના બે ઐતિહાસિક શ્રીહરિ ભક્તોનાં જ ઉદાહરણ લઈએ.

પ્રથમ, મેવાડના મહારાણી મીરાંએ ભક્તિ માર્ગની ભરમાર રેલાવી ત્યારે તેમને સંસારીઓએ સુવર્ણના પ્યાલામાં હળાહળ ઝેર કૃષ્ણ પ્રસાદ કહી મોકલ્યો. કલિયુગના પ્રતિક સુવર્ણ પ્યાલા ને તમાં મૂકાયેલ હળહળ મોતમા પણ પરમાત્મા શ્રીકૃષ્ણનાં તેમની નરી આંખે દિવ્ય દર્શન કરી ઝેર ગટગટાવી ગયાં તો બીજી જ પળે પરમાત્માના દર્શનામૃતે તેમને પૂનર્જીવન આપી ચમત્કાર સર્જ્યો..!

ગુજરાતના જુનાગઢના ભક્ત નરસૈંયાના નાથ શ્રીકૃષ્ણને નરસૈંયાએ 'નિરખને ગગનમાં એક તું શ્રીહરિ'ને નરી આંખે માણ્યા તો તેમના સફળ કારજ સિધ્ધ કર્યા.

આ બન્ને ઉત્તમોત્તમ ભક્તોને ખુદ પરમાત્માએ જ 'હેન્ડ ટુ હેન્ડ શેઈક હેન્ડ' અને 'હાર્ટ ટુ હાર્ટ શેઈક હાર્ટ' કર્યાનું તો ઈતિહાસ પણ સુવર્ણાક્ષરે નોંધી ગયો.

મારા સદ્‌ગુરુ સ્વામીએ શેઈક હેન્ડ શાસ્ત્રનું ટૂંકું જ્ઞાન આપતાં પ્રબોધ્યું છે કે,

- પ્રભુ પ્રેમમાં ધોધમાર પલળી જા
- ઈશ્વર ઈચ્છામાં એકાકાર થા
- પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિમાં મસ્તરામ થા
- પ્રભુના દેદીપ્યમાન નેત્રો સાથે તારી સ્થૂળ અખિયાં મિલાવ
- તારી શ્રવણેન્દ્રિયોમાં પ્રભુ નામનો ગુંજારાવ કરાવ
- તારી જિહ્વાને અખંડ જાપમાં જીવંત રાખ
- તારા શ્વાસોની સારંગી પર ષડાક્ષરી મંત્ર સળવળાવ
- તારી સ્પર્શેન્દ્રિયથી પરમાત્માના સ્પંદનો ઝીલ
- તારા ચરણોનું વિચરણ સદાયે પ્રભુના ચતુરભુજ સ્વરૂપ માટે કર
- માત્ર પોતાના જ બે હાથોને જગન્નાથ સ્વરૂપ માન
- માત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાનને જ સાચા સગા માન
- સૌ સંતોને સન્માન આપ
- સદ્‌ગુરુઓની ગરિમાને પીછાણ....ને
- શાસ્ત્રીય સિધ્ધાંતોની સીમારેખાનું સ્વપ્ને પણ ઉલ્લંઘન ન કર...

ને પછી જો, અને અનુભવ કર કે તારી નરી આંખે જ ભુજના શ્રી સ્વામિનારાયણ મંદિરમાંની પ્રાણપ્રતિષ્ઠિન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ તારી સાથે **હેન્ડ ટુ હેન્ડ શેઈક હેન્ડ** કરશે. હાર્ટ ટુ હાર્ટ શેઈક હાર્ટ કરી તારા ચિદાકાશમાં પરમાનંદ આપશે...!!

''વો તૂ હી હૈ જો જાન બૂઝ કે દાનવ બનતા હૈ !
વો તૂ હીહૈ જો જ્ઞાન પાકે દેવ બનતા હૈ ! માનવ
ધનુષ, શ્રવણ, અધિક માસ તો સુહાના બહાના હૈ;
અય કઠ પુતલે તેરા ભિતર પરમાત્મા કા દિવાના હૈ..!!''

**શેઈક હેન્ડ કરો તો સિર્ફ શ્રીહરિ સે,**
બાકી સબ બેકાર હૈ !
અખિયાં મિલાઓ સિર્ફ શ્રીહરિ સે,
એક પ્રભુ સે હી તેરા સરોકાર હૈ ..!

# "છ સોનેરી સૂત્રો દ્વારા આરોગ્ય જાળવવું એકદમ સરળ"

- ડો. વિનોદ ઠક્કર

આરોગ્ય એ જ જીવનનો આધાર છે. પહેલું સુખ તે જાતે નર્યા. રોગી થયા પછી દવાઓ, ઈંજેક્શનો, બાટલાઓ વગેરે અલગ અલગ પેથીઓ વડે આરોગ્ય મેળવવા આપણે જુદા જુદા ઉપાયો કરીએ છીએ. પરંતુ આરોગ્યને ટકાવી રાખી બિમાર - રોગી થવું જ નહીં તે માટેનાં છ સોનેરી સૂત્રો જીવનમાં અપનાવશું તો આરોગ્ય જાળવવું એકદમ સરળ બની જશે.

**સૂત્રો :-**

-સતત પરિશ્રમ કરવો.

-પરિશ્રમ કરતાં કરતાં ભૂખ કે તરસ લાગે તો દસ કામ મૂકી ખાઈ-પી લેવું.

- કુદરતી હાજત આવે એટલે હજાર કામ મુકી હાજતે જઈ આવવું.

-લાખ કામ મુકીને સતત પ્રભુનું સ્મરણ કરતાં રહેવું.

-કરોડ કામ મુકીને પણ સત્સંગ કરતાં રહેવું.

**સૂત્રોનું વિવરણ :**

૧. સતત પરિશ્રમ કરવાથી શરીરનું રૂધિરાભિસરણ સરળ અને સારું રહે છે. શરીરનું નાનામાં નાનું એકમ એ સેલ-કોષ છે. પરિશ્રમ કરતાં રહેવાથી શરીરમાં લોહી દ્વારા શરીરનાં એકાએક કોષને શુધ્ધ લોહી પહોંચી તેને પોષણ આપે છે. અને દરેક કોષની અશુદ્ધિઓ પોતામાં લઈ અશુદ્ધિઓને ઉત્સર્ગ તંત્રમાં પહોંચાડે છે. ઉત્સર્ગ તંત્ર દ્વારા અશુદ્ધિઓ શરીરમાંથી ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપે બહાર ફેંકાય છે. તેથી શરીર સ્વસ્થ નિરોગી રહે છે. અશુદ્ધિઓનું શરીરનાં કોષોમાં રોકાઈ જવું એ જ શરીરનું રોગીષ્ટ થવું છે. માટે સતત પરિશ્રમ કરતાં રહેવું. કહેવત છે ને જેણે પરિશ્રમ કરીને ખાધું છે તે પુણ્યનું ખાય છે. પરિશ્રમ કર્યા વગર ખાય છે તે પાપનું ખાય છે. પરિશ્રમનો રોટલો.

૨. પરિશ્રમ કરતાં ભૂખ તરસ લાગે એટલે દસ કામ મૂકીને પણ ખાઈ-પી લેવું. કારણ કે પેટ્રોલ-ડીઝલ વગર ગાડી ચાલે નહીં. તેમ શરીરને જોઈતાં ખોરાક-પાણી વગર પણ શરીર ચાલે નહીં. શરીરને પ્રાકૃતિક અને સંતુલિત આહાર લેવું જોઈએ. તથા શરીરને પ્રવાહી ખોરાક પણ મળવું જોઈએ. જેટલા અંશે આપણે પ્રાકૃતિક સ્વરૂપમાં શાકભાજી કે ફળો લઈએ છીએ તેટલા પ્રમાણમાં આપણને પોષક તત્ત્વો બધા વિટામિન્સ, બધા ક્ષારો, ચરબી, કાર્બોહાઈટ્રેડ-સ્ટાર્ચ, પ્રોટીન્સ વગેરે સુપાચ્ય તત્ત્વો મળે છે. જેથી શરીર પોતામાં તેને આત્મસાત કરી લે છે અને શરીરને પોષણ આપી સ્વાસ્થ્ય ટકાવી રાખે છે. અને શરીર રોગીષ્ટ બનતું નથી રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે છે.

૩. આખો દિવસ સતત કાર્યાન્વિત રહેવાથી શરીરનું કાર્ય કરવાની ક્ષમતા ઘટે છે અને આપણને થાક લાગે છે. ત્યારે આપણે સો કામ મુકીને પણ આરામ કરી લેવો કે સૂઈ જવું. કારણ કે આપણે ગમે તેટલા થાક્યા હોઈએ રાતે આપણે સૂઈ જઈએ છીએ ને સવારે આપે દવા, ટીકડીઓ, ઈંજેક્શન કે બાટલાં લેતા નથી છતાં આપણામાં સવારે ઊઠતાં નવી શક્તિ આવી ગઈ હોય છે. અને નવા ઉત્સાહ સાથે કાર્ય સાથે જોડાઈ જઈએ છીએ. તો આ શક્તિ આપણમાં ક્યાંથી આવી ? આરામ કરવાથી આવી જેથી આપણા શરીરની શક્તિ રિચાર્જ થઈ. જેમ મોબાઈલની બેટરી ચાર્જ કરી તેમ શરીર પણ રિચાર્જ થઈ જાય છે. કહેવત છે ને કે, આરામ એ સારો ઉપચાર છે.

૪. કુદરતી હાજત આવે એટલે હજાર કામ મૂકીને પણ હાજતે જઈ આવવું. કારણ કે શરીરમાં ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપે અશુદ્ધિઓનું જમા થવું એ જ રોગ છે. માટે મળસ્કે જાજરું જવું. પેશાબ કરવા જવું, છીંકવું, બગાસું ખાવું, શ્વાસોચ્છવાસ માટે પ્રાણાયામ કરવું વગેરે દ્વારા

શરીરની અશુદ્ધિઓ શરીરમાંથી બહાર નીકળી જવાથી શરીરનું આરોગ્ય જળવાઈ રહે છે. કહેવત છે ને જાઈબો યા ન જાઈબો તો જરૂર જાઈબો, ખાઈબો યા ના ખાઈબો તો મત ખાઈબો. જાવું કે ન જાવું એમ લાગતું હોય ત્યારે હાજતે જરૂર જવું. પણ ખાઈ લઉ કે નહી ખાઉ તો નહીં ખાવું.

૫. લાખ કામ મૂકીને પણ સતત પ્રભુનું સ્મરણ કરતાં રહેવું. કારણ કે આપણું શરીર ચલાવે કોણ છે. જોવાની શક્તિ, સાંભળવાની, સૂંઘવાની, ગંધ પારખવું, શ્વાસોશ્વાસ લેવાની, સ્પર્શ કરી જાણવાની લીસું, ખરબચડું, ગરમ કે ઠંડું છે તે પારખવાનું હાથ-પગ દ્વારા કાર્ય કરવા ખાધેલું. પચાવવું, અશુદ્ધિઓનો નિકાલ કરવો ઈત્યાદિ કાર્યોએ કુદરતે આપેલ જીવનશક્તિ દ્વારા જ થાય છે ને કોઈ આપણું નાનું કાર્ય કરી આપે કે કાર્ય કરવામાં મદદ કરે તો આપણે તેને યાદ કરીએ આભાર માનીએ છીએ. તો જે આપણે ઈશ્વરદત્ત શક્તિ મળે છે તેથી તેને લાખ કામ મુકીને પણ ઈશ્વર-પ્રભુને ભજી લેવું.

૬.કરોડ કામ મુકીને સત્સંગ કરી લેવો. કારણ કે સત્યને જાણશું, સમજશું ને જીવનમાં આપનાવશું તો જ સ્વસ્થ રહી શકીશું. સત્યનો હંમેશા પ્રકાશ જ હોય છે. સત્યના રસ્તા પર ચાલવાથી, શું ખાવું, શું પીવું, ક્યારે ખાવું, ક્યારે આરામ કરવો, ક્યારે કેવું વર્તન કરવું એ સમજાશે.

ન્યાય શું, અન્યાય શું, નીતિ-અનીતિશું, ધર્મ, અર્થ, કામ, મોક્ષ એટલે શું, આ બધું સમજીને જીવનમાં અપનાવવાથી આપણું આરોગ્ય જળવાઈ રહે છે. ''અસતો માં સદ્ ગમય, તમસોમાં જ્યોતિર્ગમય, મૃર્ત્યોમા અમૃતમ્ગમય.'' એટલે કે અસત્યમાંથી સત્ય તરફ જવું. અંધકારમાંથી પ્રકાશ તરફ જવું. મૃત્યુ એટલે રોગ તરફથી અમૃત તરફ જવું. કહે છે જે એક ઘડી મેં આધી ઘડી આધીમેં પુનિ આધ, તુલસી સત્સંગ કીજીએ કોટી હરે અપરાધ. માટે કરોડ કામ મુકી સત્સંગ કરી લેવો.

આમ, આ આપેલા છ સોનેરી સૂત્રો સમજીને જીવનમાં અપનાવશું તો આપણું આરોગ્ય જળવાઈ રહેશે. તથા રોગી થવામાંથી બચી જઈશું. રોગી થયા બાદ દવાઓ, ટીકડીઓ કે ઈજેક્શનો કે બાટલા લેવા તે કરતાં નિરોગી જ રહેવાય એવા સોનેરી સૂત્રો જીવનમાં અપનાવીએ.

''સર્વેત્ર સુખિનઃ સન્તું સર્વેસન્તુ નિરામયા;, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ માકશ્ચિતદુઃખભાગ્ભવેત.''

**''હરસ-મસા''**

હરસ મસાનો આ પ્રયોગ ક્યાંક વાંચેલો.

બોરસળીના એકવીસ બીજ લઈ તેમને અંદરથી સફેદ બીજ કાઢી તેમાં અગિયાર કાળા મરી નાંખી. બંનેને સારી રીતે ખાંડી, ચૂર્ણ બનાવી સવારે શૌચાદિ પતાવી નરણે કોઠે પાણી સાથે લેવું. આ ચૂર્ણ લીધા પછી છ કલાક બેસવું નહીં, પરંતુ એક જગ્યાએ ઊભા રહેવું અથવા હરવું-ફરવું. દર કલાકે એક બે મોસંબી ચૂસવી. છ કલાક પછી મગની દાળની ખીચડી, ભાજીનો સૂપ અથવા દુધી જેવું હળવું શાક અને મોળી છાશ લઈ આરામ કરવો. રાતે રાબેતા મુજબનો ખોરાક લઈ શકાય. આ પ્રયોગ એક જ દિવસ કરવાનો હોય છે. આ પ્રયોગ પછી પણ હરસની તકલીફ રહી ગઈ હોય તો પંદર દિવસ પછી પુનઃ આ પ્રયોગ કરી શકાય.


**"શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ"**

નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.

**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ

**IFSC Code :** BKID0003800

**ખાતાનું નામ :** ''શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ''

**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૭૮૨૮

**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.

# હળિયાદનાં રૂકમાઈબાઈ

શ્રીહરિનું પ્રાગટ્ય. આ પૃથ્વી પરથી અધર્મનો નાશ કરીને એકાંતિક ધર્મના સ્થાપન માટે જ હતું. વિ.સં. ની ૧૯મી સદીના એ કાળમાં ધૂતારાઓ ધર્મ પ્રવર્તકો બની બેઠા હતા. સમાજમાં પોતે જે વર્તનમાં બતાવે તેને ભોળા લોકો ધર્મના ઓઠા હેઠળ ધાર્મિક વિધિ તરીકે રજૂ કરીને તેમને ભરમાવતા. સમાજના લોકોમાં સદાચાર અને સંસ્કારનું સિંચન કરવાને બદલે તેઓ દુરાચાર તથા કુસંસ્કારોના બીજ રોપતા હતા. શ્રીહરિએ આવા લોકોને ખુલ્લા પાડી અને તેમને સજા કરવાનું અને સુધારવાનું કાર્ય પોતાના ભક્તો દ્વારા કર્યું છે. અહીં એવા જ ભક્ત રૂકમાઈબાઈ (હળિયાદ) ની આ આખ્યાન રૂપ કથા છે.

રૂકમાઈબાઈ પીઠવડી ગામના ભક્ત રૂડાભાઈ સાવલિયાના બહેન હતાં. સાવલિયા કુટુંબ સત્સંગી હોવાથી રૂકમાઈબાઈને બચપણથી જ સત્સંગનાં સંસ્કારો મળેલાં. ઘરનું ગમે તે કામ કરતાં હોય, પરંતુ ચિત્ત તો અખંડ શ્રીહરિના નામ સ્મરણમાં આઠેય પહોર રોકાયેલું જ રાખતાં. ગામવાસીઓ એમની ભક્તિથી દંગ રહી જતા અને કહેતા, ‘‘આ બાઈએ ચોક્કસ પોતાની આગલા જન્મની ભક્તિને પૂર્ણ કરવા માટે જ જન્મ લીધો છે. આની ભક્તિ અલૌકિક છે.’’ રૂકમાઈબાઈ ને હળિયાદ ગામમાં રફાળિયા પરિવારનાં કલ્યાણભાઈ સાથે પરણાવેલાં. રફાળિયા કુટુંબમાં સંસ્કાર કે સદાચાર જેવી મૂલ્યવાન બાબતઓને કોઈ જાણતું જ ન હતું. ગામના આશ્રમનો બાવો રફાળિયા પરિવારનો ગુરુ બની બેઠો હતો.

સાસરામાં આવતાં જ રૂકામાઈબાઈએ પોતાને ત્યાંના વાતાવરણમાં પોતાની રીતે અન્યને અડચણરૂપ ન થવાય તેવી રીતે પોતાની જાતને ગોઠવી દીધી. સાસુએ તો આવતા જ કડક શબ્દોમાં જણાવી દીધું, ‘‘વહુ ! આપણા ગામના પાદરમાં આપણા કુટુંબના ગુરુનો આશ્રમ આવેલો છે. તમારે ત્યાં જઈને તેને પગે લાગવાનું છે અને તેને ગુરુ કરવાના છે. તમારી ડોકમાં આ સ્વામિનારાયણની કંઠી છે તે કાઢી નાખજો. અહીં રફાળિયા પરિવારની રીતોને સ્વીકારવાની છે. તમારે અહીં આ કુટુંબના રિવાજ પ્રમાણે જ રહેવાનું છે.’’

સાસુના આ શબ્દોમાં સ્વામિનારાયણ પ્રત્યેની ધૃણા ટપકતી જોઈને રૂકમાઈબાઈએ વિવેકસભર અને દૃઢતા ભર્યા શબ્દોમાં કહ્યું, ‘‘બા, તમને ખબર તો છે જ કે હું સ્વામિનારાયણની કંઠી ધરાવું છું અને મારા પિતાએ તો સત્સંગ જાળવવા ગામનો પણ ત્યાગ કરી દીધેલો છે. હું એમની દીકરી છું. હું માતાપિતા પતિ સિવાય અન્ય કોઈ પુરુષના ચરણમાં મારું મસ્તક નહીં નમાવું. મારા કંઠમાં તો સ્વામિનારાયણની કંઠી છે જે કાઢીને બીજા બાવાઓની કંઠી તો ધારણ થાય જ નહી. વળી હું મારા ધર્મ નિયમ પાળવામાં પરિવારમાં નડતરરૂપ તો થતી જ નથી તો પછી આ વાત જ શા માટે?’’

સાસુએ છણકો કરતા કહી દીધું, ‘‘બસ કર ! તારી વાતોથી અમને સમજણ આપવાની જરૂર નથી.’’ ! આજ દિવસથી રૂકમાઈબાઈનાં જીવનમાં કઠણ કાળ શરૂ થયો. ઘરમાંથી ગાળવા-ચાળવાના નિયમને તિલાંજલિ અપાઈ ગઈ. પીવાનું પાણી પણ ગાળવાનું બંધ કરવામાં આવ્યું. બધાએ પોતાની રીતે રૂકમાઈબાની વિરૂદ્ધમાં બોલવાની શરૂઆત કરી દીધી. કુટુંબીના સભ્યો વાતવાતમાં આડોડાઈ કરવા માંડ્યા. ડુંગળી-લસણનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા લાગ્યા.

રૂકમાઈબાઈ બધું જ સહન કરતાં. તેઓ એકપણ વેણ ન કાઢતાં. પોતાના ધર્મ-નિયમ-સ્નાન-પૂજા, નિત્યક્રમમાં નિયમિત રહીને શ્રીહરિને દુઃખથી પીડાઈને પ્રાર્થના કરતાં રહેતાં.

હદ તો ત્યારે આવી ગઈ કે જ્યારે તેની સાસુએ તેના પતિ કલ્યાણની કાન ભંભેરણી કરતા કહી દીધું કે ‘‘આ તારી

પત્ની સ્વછંદી બની ગઈ છે. તને કે મને ગણકારતી નથી. એક દિ' આપણને સૂતા મૂકીને ભાગી જાશે એ યાદ રાખજો.'' કલ્યાણદાસને માના વેણ અસર કરી ગયા. તેણે રૂકમાઈબાઈને ગમે તે બાબતમાં વાંક કાઢીને મારપીટ શરૂ કરી. રૂકમાઈબાઈ લૂખો રોટલો જ ખાઈને જીવતાં હતાં, પણ આ દુઃખ હવે સહન થતું જ ન હતું. તેમણે શ્રીહરિને આ જમપુરી જેવા દુઃખમાંથી છોડાવવા પ્રાર્થના કરી, ''હે મહારાજ! હવે તમારા ધામમાં લઈ જાવ.''

શ્રીહરિએ રૂકમાઈબાઈને રાત્રે દિવ્યદેહે દર્શન આપીને પૂછયું, ''રૂકમાઈબાઈ, હવે બે વિકલ્પ છે, તમે કહો કે. આ દુનિયામાં રહીને ભજન કરવું છે કે ધામમાં જવું છે?

રૂકમાઈબાઈએ કહ્યું, ''મને આ જમપુરીના ત્રાસમાંથી નીકળીને ગઢડા જવું છે ને ત્યાં ભજન-ભક્તિ કરવાં છે.''

મહારાજ કહે, ''તમારી ઈચ્છા પૂર્ણ થશે. અમારું સ્મરણ કરો.''

રૂકમાઈબાઈએ આંખો બંધ કરી ચિત્તને શ્રીહરિની મૂર્તિમાં જોડી દીધું. શ્રીહરિએ તે જ ક્ષણે ગઢડામાં દાદાના દરબારમાં જોયા. આંખમાંથી હર્ષનાં આંસુની ધારા વહેવા લાગી. શ્રીહરિને કહ્યું, ''હવે અહીં રહેવાનું છે. સુખેથી ભજન કરો.''

શ્રીહરિએ જીવુબાને રૂકમાઈબાઈની બધી જ વ્યવસ્થા કરવા કહી દીધું.

આ બાજુ હળિયાદમાં તો આભ તૂટી પડ્યું હોય એવી રડામણ સાસુએ કરી મૂકી. ગામમાં રૂકમાઈબાઈના ભાગી જવાના સમાચાર ફેલાવી દીધા. કલ્યાણને તો તેની માએ ગામલોકની હાજરીમાં બાયલો કહીને એવો તો ઉશ્કેર્યો દીધો કે તે તરત જ બે - ત્રણ કુટુંબી જુવાનોને લઈને પીઠવડી પહોંચી ગયો. સાસરે આવીને સૌને ધમકાવવા લાગ્યો. તેના સસરાએ તેને શાંત કરતા કહ્યું, ''અહીંયા આવેલ નથી. ગામની સીમ, કૂવા, તળાવમાં જોઈલ્યો, નહીંતર ગઢડા પણ ગઈ હોય.''

આમ વાતો ચાલતી હતી ત્યાં બે હરિભક્તોએ આવીને પૂછ્યું, ''રૂડા પટેલનું આ જ ઘર છે કે ? '' એમ પૂછીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. રૂડા પટેલે તેમને 'જય સ્વામિનારાયણ' કહેતા આવકાર્યા. હરિભક્તોએ સમાચાર આપ્યા, ''અમે ગઢડાથી આવીએ છીએ. મહારાજે કહાવ્યું છે કે રૂકમાઈબાઈ ગઢડા છે તેથી તેમની ચિંતા કે શોધખોળ ન કરશો.''

સમાચાર મળ્યા પછી એવું નક્કી કર્યું કે સૌએ ભોજન બાદ આવેલા ભક્તો સાથે ગઢડા જવું . સૌ ગઢડા આવ્યા. રૂડા પટેલે શ્રીહરિને દંડવત્ કર્યા. શ્રીહરિએ સૌને મીઠો આવકારો આપ્યો અને કહ્યું, ''સારું થયું કે તમે સૌ અહીં આવ્યા. આવ્યા જ છો તો સંતોની કથાવાર્તા સાંભળવાનો લાભ લેવા બે-એક દિવસ રોકાજો. બધાય સારાવાના થઈ જશે.''

સૌએ શ્રીહરિની આજ્ઞા સ્વીકારી અને રોકાયા. કલ્યાણ સાથે આવેલા જુવાનો તો પોતાના થયેલા આદર-સત્કારથી નવાઈ પામી ગયા. આપણને ઠપકો ન આપ્યો. પરંતુ માન દીધું. બે દિવસ બાદ શ્રીહરિએ રૂડા પટેલ તથા કલ્યાણદાસને પોતાની પાસે બેસાડીને સમજાવ્યા. શ્રીહરિએ કહ્યું, ''ભગવાનના ભક્તને દુઃખી કરવાથી પાપના પોટલા બંધાય છે. રૂકમાઈબાઈ તો અમારા સમજુ સત્સંગી છે. દુઃખ સહન કરવા છતાં દુઃખની ફરિયાદ કરી નથી. એ તો જ્યાં રહેશે ત્યાં પોતે સુખિયા રહેશે અને બીજાઓને પણ સુખી કરશે. એ જ્યાં હશે ત્યાં અઢળક સુખ સંપત્તિ રહેશે. તમારે કાંઈપણ કહેવાનું હોય તો કહો. કલ્યાણદાસ નીચી મુંડીએ બેઠા હતા. સાથે આવેલાઓમાંથી એક બોલ્યો,'' આ રૂકમાઈબાઈની એકેય ભૂલ નથી. તે નિર્દોષ છે. ભૂલ તો અમારી છે.

રૂકમાઈબાઈને હવે પછીથી અમારા તરફથી કોઈ દુઃખ ઊભાં નહીં થાય. અમે સાથે આવેલાઓ આ જવાબદારી લઈએ છીએ. આપ રૂકમાઈબાઈને અમારી સાથે જરૂરથી મોકલો.

શ્રીહરિએ તુરત જ સૌની હાજરીમાં રૂકમાઈબાઈને

બોલાવીને પૂછતા તેણીએ કહ્યું "મહારાજ ! તમારી ઇચ્છામાં આવે તેમ કરો. મારે તો તમારી ઇચ્છાએ જ પ્રારબ્ધ છે. તમે હંમેશાં મારું હિત કરશોજ." મહારાજ કહે, "રૂકમાઈબાઈ! અમારું એમ કહેવાનું છે કે તમે તમારા પતિ સાથે સાસરે જાઓ. હવેથી તમારા દુઃખ, સુખમાં પરિવર્તિત થઈ જશે. તમારી ઇચ્છા પ્રમાણે સહું વર્તશે," રૂકમાઈબાઈ મહારાજની આજ્ઞા સ્વીકારીને ઊભા રહ્યાં. મહારાજે રૂડા પટેલને કહ્યું, "તમારે રૂકમાઈબાઈને ઘરે એક દુઝણી ભેંસ, અનાજ પીસવાની ઘંટી, એક ગુણ બાજરો તથા સુતર કાંતવા માટે રેંટિયો, આમ ચાર વસ્તુ મોકલવાની છે રૂડા પટેલે મહારાજની આજ્ઞા સ્વીકારી લીધી."

આમ રૂકમાઈબાઈ ઘરે આવ્યા. પિયરથી આવેલા બાજરાને ઘંટીમાં દળીને લોટના રોટલા બનાવ્યા, ભેંસના દૂધ, દહીં, છાશ, ઘી વગેરે ભગવાનને ધરીને પરિવારના સભ્યોને જમાડ્યા. છાસ ગામના લોકોને પણ આપવા લાગ્યા. રેંટિયો કાંતતાં કાંતતાં કીર્તન ભક્તિ શરૂ કરી.

થોડા જ સમયમાં રોટલા, દૂધ, દહીં, છાશ, ઘીનો ઉપયોગ કરનારા, કીર્તન તેમજ ઘંટીનો અવાજ સાંભળનારાઓ સત્સંગી બની ગયા. આમ હળિયાદના રફાળિયા કુટુંબમાં સત્સંગ પ્રવેશ્યો, સત્સંગ વધતા સંતોની પધરામણી થવા લાગી. સંતોના ઉપદેશથી રૂકમાઈબાઈના દિયર સાધુ થયા. તેમનું નામ ચતુર્ભુજદાસ હતું. તેઓ ધોલેરા મંદિરની સેવા આજીવન કરતાં કરતાં અક્ષરધામમાં પધારેલા.

# જોબનપગીનું આખ્યાન

વડતાલ ગામ જગતમાં પ્રસિદ્ધ થયું હોય તો તે સ્વામિનારાયણ ભગવાન અને જોબન પગીને લઈને. ઉન્મત ગંગા મહાત્મય નામના ગ્રંથમાં ૧૨ ઉમાં અધ્યાયમાં જોબનપગીના પૂર્વ જન્મની કથા લખેલી છે. પૂર્વે એ એક ક્ષત્રીય હતાં. બુધ્ધિશાળી અને શૂરવીર હતાં. સંતો પ્રત્યે લાગણીશીલ હતા. તેમને વિદેશ જવાનું મન થયું. વધારે ધન કમાવા માટે વિદેશ ગયા ને નબળા માણસોના યોગમાં આવ્યા ને પૂરેપૂરા દુરાચારી બની ગયા. સનમતિ ગઈ પછી સંપત્તિ પણ ગઈ. ગરીબાઈ આવી ગઈ. સગાં સંબંધીઓએ ત્યાગ કર્યો. ગામમાં રેવા જેવું ન રહ્યું. જંગલમાં ભટકતા થયા. પોતે કેવા સુખી હતા તે સાંભળી આવતા રડવા લાગતા. એક દિવસ સંતો જંગલમાંથી પસાર થતા હતા તેની નજર આના ઉપર પડી. સંતોના દર્શન થવાથી સદ્‌બુધ્ધિ જાગી. પગે પડ્યા ને ને કરગરવા લાગ્યા મુજ પાપીનો ઉદ્ધાર કરો. સંતોએ કહ્યું, તમે ધીરજ ધરો નિરાશ ન થાવ, તમારું આયુષ્ય જાજું નથી. બીજે જન્મે તમે ભગવાનના યોગમાં આવશો ને તમારો ઉધ્ધાર થશે. બીજા જન્મે તમે ભગવાનને ઓળખજો. અમારા જેવા ઘણા સંતો તેમની પાસે હાજર હશે. તેઓ ગામમાં આવ્યા. ટૂંક સમયમાં બિમાર પડ્યા ને ગુજરી ગયા. બીજે જન્મે સોલંકી કુળમાં જોબનપગી નામે થયાં. જોબનપગીના પૂર્વજ વાઘદેવ(વ્યાઘ્રદેવ) જેના નામ પરથી વાઘેલા કહેવાણા. લડાઈમાં ઘાયલ થયેલાની સેવા કરનારા આમાંના કેટલાક બારૈયા કહેવાણા. મૂળ કથા એવી છે જે જવેરચંદ મેઘાણીના પુસ્તક સૌરાષ્ટ્રની રસધારામાં પણ લખેલી છે. સોલંકી કુળના બે ભાઈઓ રાજ અને બીજા ગૌત્ર હત્યાનું પ્રાયશ્ચિત કરવા મારવાડથી સાધુવેશ લઈ દ્વારકા રણછોડરાયનો ગંગાજળથી અભિષેક કરવા કાવડમાં ગંગાજળ ભરી જતા હતા. પાટણના તળાવ કાંઠે ઉતારો કરેલો. પાટણમાં સ્વમંતસિંગ ચાવડાનું રાજ હતું. દરબારનો એક અશ્વપાળ ઘોડીને આ તળાવે પાણી પાવા આવ્યો. ઘોડી ભગવાધારી આ બે બાવાને જોઈ ડરી ગયેલી. પાણી પીતી નહોતી તેથી અશ્વપાળે જોરથી ઘોડીને લાકરી મ

# ભગવદ્કૃપા !!

- રસીકભાઈ રા. ગોળવિયા - સુરત
(વેળાવદરવાળા)

જગતમાં આજે આપણે સહુને કોઈ સારી નોકરી મળી જાય કે સંસારમાં સુખ સગવડ કે સારા ધંધા રોજગાર મળી જાય તયારે સહુ કોઈ કહેતા હોઈએ છીએ કે ભગવાનની મહેર છે અને લીલા લહેર છે. પણ તે ભગવાનની કૃપા સાથે દેહના યોગે પૂર્વે કરેલ સારા પુણ્યનો પ્રતાપ છે. કર્મ અનુસારે મળેલ ભૌતિક સુખ છે. જે અહીં સુખ રૂપ લાગે છે પણ છેવટે દુઃખ રૂપ છે, નાશવંત છે. છતાં હાલ સારુ હોય, સંસારિક સુખ વર્તાતુ હોય તેથી હે પ્રભુની બહુ જ મોટી કૃપા છે તેમ કહેતા હોઈએ છીએ. પણ કૃપા એટલે દયા, પ્રસન્નતા, રહેમ નજર, મહેરબાની અનુગ્રહ આવા શબ્દો વપરાય છે. પણ ભગવાનની ખરી કૃપા જે ભગવત્કૃપા કહેવાય કે જે સુબુધ્ધિ-સદ્વિચાર જે પ્રભુ આપે છે. પ્રભુ કૃપા કરે તો કોઈને ખટારા ભરી ધન કે ધંધા રોજગારમાં ડાયરેક્ટ પાધરું કરતા નથી પણ સદ્બુધ્ધિ આપે. સારા સદ્વિચારો આપે જે સંતોના માધ્યમથી સારા કાર્યો પરોપકારના કાર્યો, પુણ્યના સેવાના, બીજાને ઉપયોગ સહુ જન હિતાય કામ કરવાની સુઝબુઝ આપે તે છે ખરી ભગવદ્કૃપા. ભગવાન બુધ્ધિના પ્રદાતા છે. અને તેથી શાસ્ત્રોમાં કહ્યું છે ખાસ ગીતાના વચનો છે કે જે ભક્ત ઉપર હું (ભગવાન) રાજી, પ્રસન્ન થાઉ તો તેને સદ્બુધ્ધિ આપું છું જેથી સદ્વિચાર અને સદ્કાર્યો થાય.

નાના એવા દષ્ટાંતથી જોઈએ તો સાક્ષાત્ બ્રહ્મચર્યની મૂર્તિ એવા સ્ત્રી ભક્તશિરોમણી રાજબાઈએ મહારાજને પ્રશ્ન પૂછેલો કે, હે મહારાજ તમે તમારા ભક્ત ઉપર અતિ રાજી થાવ તો શું આપો ? સામાન્ય રીતે તો પ્રસાદીના હાર, આશીર્વાદ તો આપતા જ હો છો. ત્યારે મહારાજે કહેલું કે, હું ભક્ત ઉપર અતિ રાજી થાઉં તો તેની સંપત્તિનો નાશ કરું. તેના બૈરા-છોકરાઓને લઈ લઉં- નાશ કરું શા માટે કે ભક્તને ભગવાન ભજવામાં પછી માયાનું બંધન ન નડે. સાવ સંસારથી લુખો કરી નાંખુ. ખરી ભગવાનની આવી છે કૃપા. પણ ભગવાન કૃપા કરે તેને સદ્બુધ્ધિ આપે છે તે જ ખરી ભગવદ્ કૃપા છે.

મુક્તાનંદ કાવ્યમાં મુક્તાનંદ સ્વામીએ વિવેક ચિંતામણી પ્રકરણ ગ્રંથમાં ભગવદ્કૃપા એને કહી છે, ''હરિકૃપા તેને જાણવી કે જેના હૃદયમાં વૈરાગ્ય ઉપજે.'' જે પદાર્થો ભગવાન ભજવામાં બાધા કરે છે, તેમાં આસક્તિ ન થાય. તૃષ્ણા નામનો ગુણ આપે જેથી સંતોષ આવે જેથી સંગ્રહ કરવાનું મન ન થાય. સુખનો ત્યાગ થાય જેથી પ્રભુની નજીક આવી શકાય. હરિકૃપા જ્યારે થાય ત્યારે સત્પુરુષનો યોગ મળે. પ્રભુનું યથાર્થ જ્ઞાન થાય-જ્ઞાન સમજાય. સંત પુરુષનો યોગ થવાથી જે ભગવદ્કૃપા જ છે તેથી ભગવાનની કથા, કીર્તન, સત્સંગનો રંગ ચડતો જ રહે.

અને ભગવદ્કૃપા એ કે સંત ભક્તમાં હેત થાય. તેના પ્રત્યે ક્યારેય અભાવ ન આવે. તેનામાં મારાપણાનો ભાવ થાય. તેમના વચનોમાં વિશ્વાસ બેસે. અને તેમના વચને પોતાનામાં દોષ દેખાય. બીજાના ગુણ ગ્રહણ કરવાનું કાયમ રહે. દેહાભિમાન ટળે. કુવિચારોના સંકલ્પ પણ ન થાય. સ્વપ્નમાં પણ એવો વિચાર ન આવે. ભગવાન કે ભગવાનના સંત ભક્તમાં તેમજ ભગવાનની કથાવાર્તામાં પ્રીતિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પુષ્ટ થાય તેને હરિકૃપા કહેવાય.

ક્યારે સંત કે ભક્તનો સંગ ન તજાય. તેમનામાં પ્રેમ ભાવના વધે. સંત ભક્તની સેવાનો અવસર પ્રાપ્ત થાય. શ્રીહરિની કૃપા અને કરુણાથી હરિનો રંગ ચડતોને ચડતો કાયમ રહે. આવી ભગવદ્કૃપા ખરુ સુખ જે શાશ્વત સુખ આપનારું છે. તેનેજ સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ખરી ભગવદ્કૃપા ગણી છે કહી છે અને બતાવી છે.

સામાન્ય રીતે ધર્મશાસ્ત્રોમાં કહેવાયુ છે જેના ઉપર

ભગવદ્કૃપા થાય, વિવેક આવે, વિનય આવે, ધન આવે પણ ધર્મ નિયમ ન વિસરાય. સત્તા આવે છતાં સૌજન્ય ન વિસરાય. સિધ્ધિ મળવા છતાં સદાચાર ન વિસરાય. સંયમની પાળ ન ઓળંગાય. ત્યારે માનવું કે આપણા ઉપર ખરી ભગવદ્કૃપા ખરી ભગવાનની મહેર છે અને લીલા લહેર છે તે વાક્ય ત્યારેજ સાર્થક ગણાય. અને ખરા વિવેકી મનુષ્ય હંમેશા પ્રભુ પાસે આ લોકની સંપત્તિ કે દુઃખ ટાળવાનું માંગવું ન જોઈએ. તેના કરતા હે પ્રભુ સદ્બુધ્ધિ આપો તેમ જરૂર માંગવું. તે સદ્બુધ્ધિની પ્રભુકૃપાથી પછી બધું જ પ્રાપ્ત થઈ જાય છે. બધુંજ મેળવવું આપો આપ સરળ બની જતું હોય છે આજ ભગવદ્કૃપા છે.

# ભગુજી ઘવાયા

- ધરમશીભાઈ દેવશી ભગત, કેરાલા

માંડવધાર અને રામપરા વચ્ચે દાદાખાચરનું ખેતર હતું. ભડલીનો ભાણખાચર એ ખેતર કબજે કરી બેઠો હતો. દાદો કહે માંડવધારની સીમમાં હતું એટલે એ મારું છે. દાદો ખેતર વાવે તો ભાણ ખાચર લણી લેતો. આમ ઘણા સમયની તકરાર હતી. દાદાએ ખેતર વાવેલું તેનું રખોપું કરવા ભગુજી, રતનજી આદિ બાર શૂરવીર પાર્ષદોને મહારાજે મોકલ્યા. આ બધા રાત દિ ત્યાંજ ધામો નાંખીને બેઠા. ભાણખાચર હવે ખેતર લણી શકે તેમ ન હતો. પછી ભાણખાચરને ખબર અને મતારા નામના બે ખુંખાર લુંટારાને તૈયાર કર્યા. ભગુજીનું માથું કાપી આવો તો ૨૦૦ વીઘા જમીન આપીશ. લુંટારા કહે અમે બે પુરા ન પડીએ વધારે માણસો જોઈએ. ભાણખાચરે બસો સૈનિકો આપ્યા. યોજના મુજબ સૌ સામેમાળ ડુંગરમાં સંતાયા. મહારાજને આ વાતની જાણ થઈ. મહારાજ કહે તમે પાછી પાની કરશો નહિં. હું તમારી સાથે છું. વહેલા સવારના બસો જણ બાર જણા પર ત્રાટક્યા. બાર પાર્ષદો સાબદા થઈ ગયા. પેલાઓએ બંદૂકોના ભડાકા કર્યા. સૌ નીચા નમી ગયા. પછી ભગુજી સામે જઈ ઊભા રહ્યા ને બોલ્યા ઓ ભાવરો અમે ગરાસીયા છીએ માટે પહેલો ઘા તમે કરો. પેલાએ ભગુજી પર તલવારનો ઘા કર્યો ભગુજીને જનોઈ વઢ ઘા થયો. ભગુજી પડી ગયા લોહીની ધાર વહેવા લાગી. માથા પરથી પાઘ છોડી ખભો બાંધ્યો. પછી તલવાર લઈ ભગુજી ઊભા થયા ને જે ઘા માર્યો ઘોડી સહિત ખબર ને વેતરી નાંખ્યો. ખબરના ભાઈ નાબાડખાનું માથું રતનજીએ ધડથી અલગ કરી નાંખ્યું. માતરો રતનજીને મારવા ગયો ત્યાં હમીરજીએ તેના ઘોડાના કપાળમાં તીર માર્યું. ઘોડો ઉછળ્યો. મતારો રતનજીની પાછળ પડ્યો. રતનજીએ ભાલો માર્યો મતારો ભાગ્યો. બેચર ચાવડાએ અનેકના હાથે પગે ઘા માર્યા. બાર જણાએ બસોને ભગાડ્યા. જેમ પાંચ પાંડવ સો કૌરવોને જીતી ગયા. ગઢપુરથી માણસો આવી પહોંચ્યા. ભગુજીને ૧૮ ઘા વાઘેલા. ખાટલામાં સુવડાવી ભગુજીને ગઢડે લઈ આવ્યા. મહારાજ ભગુજીને જોવા પધાર્યા. ભગુજીને શરીરે હાથ ફેરવ્યો વેદના સમી ગઈ. બેચર ચાવડો કહે મહારાજ અમારી આબરુનો સવાલ છે. લોકો કહેશે ભાણે ગરાસીયાને મારી ગયા. મહારાજ કહે તમો બારનું આયુષ્ય પુરું થઈ ગયું હતું. પણ હવે હું તમને મરવા નહિં દઉં. જીવા ખાચરને ઈર્ષા હતી જ તે કહે દાદાના ખેતર માટે આ બાર જણા કપાયા. અરે બારમાંથી કોઈ ન મર્યો?

ઈર્ષાથી પ્રેરાઈ જીવા ખાચરે ઢોલ નગારાં વગડાવ્યાં. જે સાંભળી ભગુજીને શૂરાતન ચડ્યું ને ટાંકા ટૂટી ગયા. મહારાજે તો આરતીમાં નગારું વગાડવાની પણ ના પાડેલી. એક હજામ જે ભગુજીને પાટા બાંધતો. જીવાખાચરે તેને સાધી લીધો. પારેવાની હંગાર ઘા માં ભરીને પાટા બાંધજે જેથી ઘા રૂઝાય નહિં. બીજે દિવસે વેદના અસહ્ય થઈ પડી. મહારાજ જોવા પધાર્યા ને પાટા બાંધનાર હજામ ને

બોલાવી ધમકાવ્યો તે સાચું બોલી ગયો. જીવા ખાચરે મને આમ કરવા કહેલું. હજામને કાઢી મૂક્યો ને સચ્ચિદાનંદ સ્વામીને ભગુજીની સંભાળ રાખવા બેસાડ્યા. સ્વામી હવે કાળ આવે તો પણ પાછો કાઢજો. કાળ ભગુજીને લેવા આવ્યો ત્યારે સ્વામીએ એક લાફો માર્યો. કાળનું મોઢું વાકું થઈ ગયું. મહારાજે દયા કરી સીધો કર્યો ને જવા દીધો. ભગુજીની પ્રાર્થના સ્વીકારી મહારાજ તેને ધામમાં તેડી ગયા.

# એકાંતિક હરિભક્ત

- ધ્યાની અરવિંદભાઈ પોકાર, કામરેજ(સુરત)

કોઈ ભક્ત હોય તો કોઈ હરિભક્ત, કોઈ પ્રભુ ભક્ત હોય તો કોઈ સ્વામી ભક્ત, કોઈ બગલા ભક્ત તો કોઈ દેશભક્ત પરંતુ એકાંતિક ભક્ત તો જવલ્લેજ જોવા મળે છે.

એકાંતિક ભક્ત લક્ષ્મીજીની જેમ સેવા પરાયણ થઈ ભગવાનની સેવામાં સતત રહે છે. ને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્યને અહિંસા ધર્મને વિષે દૃઢ હોય તો તે પરિપક્વતા તેને જન્મ મરણની નિવૃત્તિ થઈ જાય છે.

વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શ્રધ્ધા, અહિંસા, ધર્મ આત્મનિષ્ઠા એ સર્વે અંગે સંપૂર્ણ હોય તો જ તેની પર કૃપા થાય છે. જો એકાદ અંગમાં ન્યૂનતા (ક્ષય થાય) આવી તો તે આત્યંતિક (અક્ષરધામ)ને પામી શકતો નથી. સંપૂર્ણ નિર્વાસનિક ભક્ત જ કૃપાપાત્ર થાય છે. જે ભક્ત પોતાના મન સાથે વેર બાંધે છે તથા મન સાથે લડાઈ આદરે અને જે તે મનને જીતે તો તે નિર્વિકલ્પ સ્થિતિને પામી એકાંતિક થાય છે અને જો મન આગળ હારે તો યોગભ્રષ્ટ થાય છે ને પછી અનેક જન્મે એકાંતિક ભક્ત થાય ને મોક્ષને પામે. આમ હારનો જીત બંનેમાં જીવનું રૂડું થાય છે. જે ભક્ત પોતાના વર્ણાશ્રમના ધર્મ વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશે દૃઢતા તથા ભગવાન સિવાય સર્વે પદાર્થોમાં અરુચિને ભગવાન વિષે મહાત્મયે સહિત નિષ્કામ ભક્તિ કરતો હોય તો તે ભક્ત એકાંતિક ધાર્મિક છે ને એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત હોય તો તે ખાતાપિતા, ન્હાતા-ધોતા, ઊઠતા-બેઠતાં, હાલતાં-ચાલતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરે છે. વિક્ષેપ રહિત ચિંતન કરે છે. પરંતુ જો કદાચ અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થાય તો દેહ, ઈન્દ્રિયોને અંતઃકરણ, દેહના એ વિષયોથી પોતાનું સ્વરૂપ જૂદું સમજવું અને અનિષ્ઠ સંકલ્પનો નિગ્રહ કે વિરામ થાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું ને દેહને પોતાનો સંબંધી માનવો નહિ. તો જ એકાંતિક ભક્ત થવાય છે.

એકાંતિક ભક્તનો ધર્મ વાસના રહિત વર્તવું છે. જો વાસના જરાક રહી જાય તો ગમે તેવો સમાધિવાળો હોય છતાં નાડીપ્રાણ તણાતા હોય તો તે વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે છે.

વાસના ટાળવા માટે આત્મનિષ્ઠાની દૃઢતા, પંચવિષય(શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ)નું તુચ્છપણું, ભગવાન વિશે અતિશે નિષ્કામ ભક્તિ હોવી જોઈએ. વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત ! જગતની વાસનાને વધારતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય પરિણામ સ્વરૂપ જ્યાં સારું-નરસું સરખું ભાસે તેમ સ્વાભાવિકપણે વર્તાય ત્યારે વાસના ટળી કહેવાય.

ભગવાનની ઈચ્છા એજ આપણું પ્રારબ્ધ છે. ગમે તેવા સુખ-દુઃખ આવે અકળાઈ જવું નહિં. ભગવાનના ગમતામાં રહીએ ને આપણું ગમતું લેશમાત્ર નોખું ન રાખીએ તો એકાંતિકપણું રહે છે.

એકાંતિક ભક્ત ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે. નિત્ય દિવ્ય મૂર્તિ છે અને અનંત કલ્યાણગુણે યુક્ત છે. ભગવાન સદા મૂર્તિમાન છે. એવી સમજ જે કેળવે છે. તેને એકાંતિક હરિભક્ત કહેવાય.

# મન વિશે મનન

સાક્ષી અરવિંદભાઈ પોકાર, સુરત(કામરેજ)

મન એટલે શું ? હાથ, પગ, નાક, કાન જેવું સ્પષ્ટ જોઈ શકાય તેવું આપણા આખા શરીરમાં કોઈ 'મન' જ નથી કે જેને સ્પર્શ કરી બતાવી શકાય. આપણી ખોપરીમાં જે દોઢ કિલોનું બરાબર અખરોટ જેવું મોટું મગજ આવેલું છે એમાં ઉત્પન્ન થતાં અગણિત વિચારોની પ્રક્રિયા, પરિણામ અને સભાનતાને મન કહે છે જે એકમાત્ર ચેતના શક્તિ છે.

મગજ એ પાણીની એવી મોટી ટાંકી છે જે નળ દ્વારા ઘરઘર પાણી પહોંચાડે છે. જેમાં મન એ પાણીનું સપ્લાયર છે. પાણીનો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. બસ, એવું જ કંઈક મનના વિચારોનું છે. મન માણસને એવરેસ્ટ ઉપર લઈ જઈ શકે છે એ જ મન ઊંડી ખાણમાં પણ ધકેલી શકે છે. તાળું અને ચાવીનો સંબંધ મનનો છે.

મન એ માનવી માટે નિસરણી જેવું કાર્ય કરે છે. હકારાત્મક વિચારો પ્રગતિ કરાવે, નકારાત્મક વિચારો અધોગતિ કરાવે. વિચાર એ મનનો ખોરાક છે. મન એ તોફાની તોખાર છે, લગામ સાથે સવારી કરો તો આનંદ અને બેકાબૂ બને તો વિષાદ.

મનુષ્યોનાં મન જ બંધન અને મુક્તિનું મુખ્ય કારણ છે, વિષયાક્ત મન એ બંધન છે અને અનાસક્ત મન એજ મોક્ષ છે. શરીરનો રાજા મન છે અને તમામ ઈન્દ્રિયો તેની દાસીઓ છે. એટલે જ આ મનને કેળવવાનું છે. ખેતરની ફરતે વાડ હોય તો ખેતરનું રક્ષણ થાય છે. પણ જો એકાદ અમથું છીંડુ હોય તો ભેલાણ રોકડો છે. સંયમ એ મનની વાડ છે. જ્યારે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સરએ બધા છીંડા છે. માટે જ શાસ્ત્રોમાં ઉપરનાં છ ને દુશ્મન ગણ્યાં છે.

મનમાં વિચારો ઘટાડવા શાસ્ત્રોએ અનેક ઉપાય બતાવ્યા છે. જેમ કે યોગ, ધ્યાન, જપમાળા, દેવદર્શન વગેરે. આ ક્રિયાઓ કરવાથી મન શાંત બને છે. નહિતર તો મન માંકડા જેવું છે.

કોઈ પણ સાહસ માટે સંકલ્પ સિધ્ધ કરવા, વ્યસનમુક્તિ માટે, દુઃખ વેઠવામાં, વ્યવસાયમાં ધારી સફળતા પ્રાપ્ત કરવા, બિમારી દૂર કરવામાં, કામનો તણાવ દૂર કરવા, સુખેથી જીવન જીવવા માટે એવા અનેક હેતુ માટે આ મનને જ સખણું રાખવું પડે છે. મનને મનાવે એ માનવી.

મન સુખ જેવું એકેય સુખ ઉત્તમ નથી. પ્રફુલ્લીત, આનંદી મન સુખની ચાડી ખાય છે. જ્યારે ઉદાસ મન દુઃખ જાહેર કરે છે. માણસના મોં ઉપરથી જ તેની સ્થિતિનો અંદાજ આવી જાય છે. મન માનવીનું દર્પણ છે. દર્પણ સામે તમે જેવા ઊભા રહો તેવા જ સહેજ પણ ફેરફાર વગરના તમારી સામે તમને ધરી દેશે. મનનું પણ આવું જ હોય છે. જેવું મન તેવો મનુષ્ય.

સંકલ્પ-વિકલ્પનો ભારો એટલે મન. વડના ટેટાના સાવ નાનકડા બીમાં બીજુ એવડું જ વિરાટ વટવૃક્ષ બનવાની ક્ષમતા-તાકાત છે. એવું જ વિચાર બીજનું છે. સો લિટર દૂધમાં છાશનું એક ટીપું અને સો વર્ષથી જ્યાં અંધારુ છે ત્યાં પ્રગટાવેલું નાનું કોડિયું જે કામ કરે છે તેવું કામ મનનું નક્કી તમારે કરવાનું છે, પસંદગી તમારી છે.

જ્યાં જ્યાંથી ચળી જાય, મન ચંચળ અસ્થિર,
ત્યાં ત્યાંથી નિયમે લાવી આત્મામાં કરવું વશ.

# સત્સંગ સમાચાર દેશ

## શ્રી નરનારાયણદેવ ભુજ ધામનો ૧૯૫મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ ધામ મધ્યે શ્રી નરનારાયણદેવના ૧૯૫માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રી



નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રી પુરુષોત્તમ પ્રકાશ પંચાહ્ન પારાયણની તા. ૧૬-૪-૨૦૧૮ થી તા. ૨૦-૪-૨૦૧૮ દરમિયાન ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી થઈ હતી.

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી અ.નિ પિતાશ્રી વેલજીભાઈ વાઘજી ભંડેરી, અ.નિ. માતુશ્રી ધનબાઈ વેલજી ભંડેરી હસ્તે શાંતિલાલ વેલજી ભંડેરી ધ.પ. ધનુબેન, સુપુત્ર હરીશભાઈ શાંતિલાલ ધ.પ. પ્રીતિકાબેન હરીશ, પૌત્ર ધ્યાન તથા સુપુત્ર પરેશભાઈ શાંતિલાલ ધ.પ. હરિકાબેન પરેશભાઈ, સુપુત્રી નેશમાબેન હિતેનભાઈ હીરાણી(કોડકી), દોહિત્ર કાર્તિક, ત્રિશુલીન તથા દોહિત્રી ઉર્વિબેન - રામપર વેકરા હાલે નાઈરોબી પારાયણના યજમાનપદે રહ્યા હતા. મહોત્સવમાં ધામેધામથી સંતોની પધરામણી થઈ હતી. જુદા જુદા વિભાગની સેવાઓ સંતોએ પૂરી નિષ્ઠા અને ભક્તિભાવથી સુપેરે પાર પાડી હતી. ભુજ મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ આદિ કચ્છના સમસ્ત સાં.યો. બહેનોએ શિષ્ય મંડળ સહિત પધારી પધરામણી કરી હતી.

મહોત્સવમાં પોથીયાત્રા તા. ૧૫-૪-૨૦૧૮ રવિવારે બપોરે ૪:૦૦ કલાકે પ્રસાદી મંદિરેથી નીકળી હતી. તા. ૧૬-૪-૨૦૧૮ના સ્થાપન પૂજન થયું હતું. તથા કથા પ્રારંભ, દીપપ્રાગટ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્હસ્તે કરવામાં આવેલ. વ્યાસાસને વિરાજમાન થઈ વિદ્વાન વક્તાશ્રીઓ શા. સ્વામી નારાયણમુનિદાસજી, પુ. સ્વામી



## જાહેર આમંત્રણ


આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે

**ભુજ મંદિર - અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીના સ્મરણાર્થે પંચાહ્ન પારાયણ**

તા. ૧૫-૫-૧૮ થી તા. ૧૯-૫-૧૮ સુધી રહેશે.

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**કોઈ હરિભક્તને પૂ. સ્વામીની પૂણ્યસ્મૃતિમાં કથામાં આર્થિક સેવા કરવી હોય તો કોઠારમાં સેવા નોંધાવી શકો છો.**



નારાયણપ્રિયદાસજી, તથા પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુંદર, સરળ છતાં સચોટ શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું. તેમજ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ઉજવાયો હતો. તા. ૧૭-૪-૨૦૧૮ મંગળવારે સવારે ૧૦:૦૦ કલાકે વનવિચરણ દર્શન અને સાંજે ૫:૦૦ કલાકે ભુજ આગમન મહોત્સવ વર્ણવાયો અને ઉજવાયો હતો.

તા. ૧૮-૪-૨૦૧૮ બુધવારે સાંજે ૫:૦૦ કલાકે ફુલડોલ ઉત્સવ વર્ણવાયો તેમજ ઉજવાયો હતો અને રાત્રે ૮:૩૦ કલાકે કચ્છ પ્રાંતના સ્મસ્ત હરિભક્તો તેમજ સંતો દ્વારા મહારાસોત્સવ યોજાયો હતો. તા. ૧૯-૪-૨૦૧૮ના પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન સાંજે ૫:૦૦ કલાકે થયું હતું. તા. ૨૦-૪-૨૦૧૮ સવારે ૬:૦૦ કલાકે અભિષેક દર્શન થયા હતાં. સૌ હરિભક્તો નરનારીઓ કથા શ્રવણ અને અભિષેક દર્શનથી પાવન થયા હતા અને પોતાની જાતને ધન્ય અનુભવી હતી. અને સવારે ૯:૦૦ કલાકે અન્નકૂટ દર્શન કરીને પાવન થયા હતા.

મહોત્સવમાં ગામેગામની મંડળીઓએ પોથીયાત્રા તેમજ મહારાજશ્રીની પધરામણી વેળાએ રમઝટ જમાવી વાતાવરણને ભક્તિમય અને પ્રસન્નતાભર્યું બનાવી દીધું હતું. દરેક હરિભક્તોને હરખની હેલી ચડી હતી. સમગ્ર કથા દરમિયાન દરેક દિવસે કચ્છ પ્રાંતના સત્સંગીઓને સઘરી આમંત્રણ હતું. દરરોજ વિવિધ પકવાનોનો મહાપ્રસાદ રાખેલ હતો.

શ્રી નરનારાયણદેવના ૧૯૫મા પાટોત્સવ નિમિત્તે કથા પારાયણના મુખ્ય યજમાન પ.ભ. શાંતિલાલભાઈ વેલજી ભંડેરી પરિવાર તરફથી ધર્મના પ્રચાર-પ્રસાર માટે સંતોની અને સાં.યો. બહેનોની સુવિધા અર્થે અદ્યતન લકઝરી બસ ભુજ મંદિરને અર્પણ કરવામાં આવી હતી. કથા દરમ્યાન આચાર્ય મહારાજશ્રી, સંતો, યજમાનો, હરિસેવકો આદિનું યથાયોગ્ય પહેરામણી સહ સન્માન કરવામાં આવ્યું હતું.

ભક્તિ પ્રગટાવતી અને પ્રસરાવતી કથાનું શ્રવણ કેબલ તેમજ ટી.વી. ચેનલ મારફતે પણ કરવામાં આવ્યું હતું. જેનાથી દેશ-વિદેશમાં દરેક હરિભક્તોને રૂબરૂ



# જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે**

**ભુજ મંદિર - અ.નિ. સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના સ્મરણાર્થે પંચાહ્ન પારાયણ**

તા. ૨-૬-૨૦૧૮ થી તા. ૬-૬-૨૦૧૮ સુધી રહેશે.

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**કોઈ હરિભક્તને પૂ. સ્વામીની પૂણ્યસ્મૃતિમાં કથામાં આર્થિક સેવા કરવી હોય તો કોઠારમાં સેવા નોંધાવી શકો છો.**

સાંભળવા તુલ્ય અમૂલ્ય લહાવો પ્રાપ્ત થયો હતો. સૌ હરિભક્તો નરનારીઓએ કૃતાર્થતા અનુભવી જીવન ધન્ય થવાનો ભાવ અનુભવ્યો હતો.

- પાલીવાડ જીતેન્દ્ર હરિશંકર, ભુજ

★★★★★★★★★★★★★★

## ભુજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહાયજ્ઞ મહોત્સવ ઉપક્રમે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ પંચદશાબ્દી પર્વે સામત્રા, ભારાસર, માનકુવામાં રમતોત્સવનું ભવ્ય આયોજન


શ્રી નરનારાયણદેવ ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ સ્પર્ધા ૨૦૧૮માં અખિલ ગુજરાતની કુલ ૧૨૪ ટીમોના ૧૨૦૦ જેટલા ખેલાડીઓએ હોંશભેર ભાગ લીધો હતો.



જેમાં બધા ખેલાડીઓને શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના પ.પૂ. મહંત સ્વામી અને સર્વે સંતોએ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજી, શા. સ્વામી સુખનંદનદાસજી તથા નારણભાઈ વરસાણી, મદનપુર, પ્રવિણભાઈ હિરાણી, વેકરા, કલ્યાણભાઈ ગાજપરીયા, પિયાવાએ સમગ્ર આયોજન સંભાળ્યું હતું અને સુપેરે પાર પાડ્યું હતું.

આ સમગ્ર આયોજન ભુજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહાયજ્ઞ મહોત્સવના ઉપક્રમે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ઘડ્યું હતું.

કોડાય(તા.માંડવી) સામત્રાના સરદાર પટેલ



સ્પોર્ટસ ગ્રાઉન્ડ પર બાવન ટીમો(૫૨) વચ્ચેની ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલમાં પિયાવાની ટીમે સરલીની ટીમને ૬ વિકેટે હરાવીને ચેમ્પિયન બની હતી. ભારાસર ગ્રાઉન્ડ પર ૪૬ ટીમોને સાંકળતી વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દહીંસરાની ટીમ ગોધરાની ટીમને હરાવીને વિજેતા બની ચેમ્પિયન બની હતી.

તદુપરાંત માનકુવા ગુરુકુળ ગ્રાઉન્ડ પર ૨૬ ટીમોને સાંકળતી કબડ્ડીની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પણ દહીંસરાની ટીમ કોડકીની ટીમને હરાવીને ચેમ્પિયન બની હતી.

તા. ૧૫-૪-૨૦૧૮ના શ્રી નરનારાયણદેવના ૧૯૫મા પાટોત્સવ નિમિત્તે પોથીયાત્રાને દિવસે સવારે વિશાળ વાર્ષિક યુવા સત્સંગ સંમેલન યોજાએલ. જેમાં હજારોની સંખ્યામાં યુવકો અને યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સત્સંગ સાથે સંસ્કારોનું ભાથું બાંધ્યું હતું. આ શિબિરમાં સંતોનાં સાંનિધ્યમાં પ.પૂ. મહંત સ્વામીના આશીર્વાદ અને પ્રેરણાથી સ્વામી રામકૃષ્ણદાસજી તેમજ સ્વામી બ્રહ્મમુનિદાસજીએ વચનામૃત વાંચન વિષય પર વિદ્વતાસભર મનનીય ચિંતનાત્મક પ્રવચનો સાથે પ્રેઝન્ટેશન આપીને યુવાધન અને શ્રોતાગણને સાંપ્રદાયિક



પરંપરા અને જીવન જીવવાના સાચા માર્ગનું દર્શન કરાવી વર્તમાન પરિસ્થિતિમાં નીતિમાન, નિષ્ઠાવાન અને ધર્મપરાયણ થઈ શ્રીજીને પ્રસન્ન કરવા પ્રેરણાયક પ્રવચનો કર્યા હતા. કાર્યક્રમ સંચાલન શા. સ્વામી દેવચરણદાસજી તથા શા. સ્વામી ગોલોકવિહારીદાસજીએ કર્યું હતું. સાં.યો. બહેનો તેમજ બ્રહ્મનિષ્ઠ સંતો સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ યુવા સંમેલનમાં યુવકમંડળને ૧૫ વર્ષ થતાં યોજાયેલ રમતગમતમાં જે યુવાનો ભાગ લીધેલ તેમજ ફાઈલનમાં વિજેતા થયેલ સર્વે ખેલાડીને પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પૂ. સ્વામી શ્રીહરિદાસજી દ્વારા ટ્રોફી અર્પણ કરાઈ હતી. અને આ યુવાનોને ઉત્સાહ વધારતો રમતોત્સવ દર વર્ષે થતો રહેશે પણ યુવક મંડળની ચાલતી સાપ્તાહિક સભામાં જેમની ૬૦%હાજરી હશે એવા યુવાનો ભાગ લઈ શકશે આવી જાહેરાત યુવક મંડળ કાર્યાલય દ્વારા જાહેર કરાઈ હતી.

- યુવક મંડળ કાર્યાલય, ભુજ

★★★★★★★★★★★★★★★

## અંજાર ખાતે શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૫ મો વાર્ષિક પાટોત્સવ એવં શ્રી રામનવમી સહ શ્રી હરિજયંતી પ્રસંગ ત્રિદિનાત્મક રાત્રી સત્સંગ સભા, મહાઅભિષેક ભવ્યરીતે ઉજવવામાં આવ્યો

શ્રીસ્વામિનારાયણ મંદિર, અંજારના મહંત સદ્‌ગુરુ સ્વામી ભગવતજીવનદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુરાણી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી સિધ્ધેશ્વરદાસજી, પુરાણી સ્વામી સરયુદાસજી, પૂજારી સ્વામી મુનીશ્વરદાસજી, કોઠારી સ્વામી સંતસ્વરૂપદાસજી, કો. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી આદિ મંડળના સમગ્ર સંતો, મંદિરની કાર્યવાહક કમિટીના સભ્યોના શુભ સંકલ્પથી તા.૨૨-૦૩-૧૮ થી તા.૨૫-૦૩-૧૮ દરમ્યાન તા.૨૨.૦૩.૧૮ના સવારે ૦૬:૧૫ થી ૦૬:૪૫ અંજાર શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે ઘનશ્યામ મહારાજનો વેદોક્તમંત્ર દ્વારા ષોડષોપચારે પંચામૃત મહા અભિષેક થયો તથા સવારે ૦૯:૦૦ વાગ્યે મહા અન્નકૂટ આરતી બાદ પ્રસાદ વિતરણ કરવામા આવ્યું. આ પાટોત્સવમાં ભુજ મંદિરેથી સંતો પધારેલ. તથા આ ઉત્સવ પ્રસંગે ત્રિ-દિનાત્મક રાત્રી સત્સંગ સભા રાખેલી તથા તા.૨૫.૦૩.૧૮ ચૈત્ર સુદ ૯ના સવારે પ્રભાત ફેરી અને રાત્રે ધૂન અને મહાઆરતી સાથે પુષ્પ વૃષ્ટિનું આયોજન સફળતાથી પાર પાળેલ તથા શ્રી રામનવમી સહ શ્રી હરિજયંતીનો પ્રસંગ ભવ્ય રીતે મંદિરમાં ઉજવવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા કોઠારી સ્વામી સાથે સ્વામી વ્યાસમુનિદાસજી, ભજનપ્રકાશદાસજી, હૃદયપ્રકાશદાસજી, આદિ સંતો તથા સાંખ્યયોગી બહેનો તથા સર્વે હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ શુભ અનમોલ પ્રસંગ નિહાળવા અને દર્શનનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી જનતા બહોળી સંખ્યામાં ઉમટી પડી હતી.

- અહેવાલ, ઠકકર મેહુલકુમાર પ્રવિણચંદ્ર (અંજાર).

★★★★★★★★★★★★★★★

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની બાસ્કેટબોલ રમતમાં ભવ્ય જીત

હાલમાં સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા લીગ મેચ - ૨૦૧૮નું આયોજન કરવામાં આવેલ છે.



જેમાં ગુજરાતને ચાર ઝોનમાં વિભાજિત કરવામાં આવેલ છે. જેમાં કચ્છ જિલ્લાને ઉત્તર ઝોનમાં મુકેલ છે.

ઉપરોક્ત સંદર્ભ હેઠળ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની

દીકરીઓએ તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ ઝોન કક્ષાની બાસ્કેટબોલ રમતમાં ભાગ લીધેલ હતો. તેમજ દીકરીઓએ આ રમતમાં વિજેતા થઈ જવલંત સફળતા હાંસિલ કરીને ઈનામ જીતેલ હતું.

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ ટીમ ઉત્તર ઝોન વતી રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે.

આ તમામ વિદ્યાર્થિનીઓની સિધ્ધીઓને શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા મંદિરના સર્વે સંતવૃંદોએ દીકરીઓને આશીષ સહ શુભેચ્છા પાઠવી હતી. તથા શાળાના ટ્રસ્ટ મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ શિક્ષકોએ દીકરીઓની સિધ્ધીને બિરદાવી હતી અને ઉત્તરોત્તર પ્રગતિ કરી અને રમત-ગમત ક્ષેત્રે સિધ્ધીના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

- આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★

## બળદીયા ઉપલાવાસ મધ્યે નૂતન મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો

તા. ૧ થી ૭ એપ્રિલ ૨૦૧૮ દરમ્યાન નૂતન મંદિર ઉદ્‌ઘાટન તથા મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

ઉત્સવ પૂર્વે ૨ દિવસીય શ્રી મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩૧ના રોજ સાંજે ૫





વાગ્યે શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની પોથીયાત્રા નીકળી હતી. જેમાં મંદિર નવનિર્માણના દાતાશ્રી નારણભાઈ મનજી કેરાઈ પરિવાર તથા ઉત્સવના દાતાશ્રીઓ જોડાયા હતા.

તા. ૧ના ૯ કલાકે પૂ. મહંત સ્વામી તથા મુખ્ય યજમાન તથા સહયજમાનો દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ગણેશ સ્થાપનબાદ વ્યાસપૂજન આરતી બાદ વક્તા દ્વારા પુરાણી સ્વામી હરિકૃષ્ણદાસજીએ કથા પ્રારંભ કરાવ્યો હતો. વારાફરતી સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી આ ચાર વક્તા દ્વારા કથા રસપાન કરાવવામાં આવ્યું હતું.

કથા દરમ્યાન બળદીયાના નજીકના ગામોને ૭ દિવસ સધરી આમંત્રણ અપાયું હતું. યજ્ઞના છટ્ઠા દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની મહોત્સવમાં શોભાયાત્રા દ્વારા પધરામણી કરવામાં આવી હતી.

મહોત્સવમાં ૭ દિવસ મહાપ્રસાદ સાથે શેરડીનો રસ, તરબૂચ તથા આઈસ્ક્રીમની વ્યવસ્થા હતી. મોટી સંખ્યામાં ભુજ, પ્રસાદી મંદિર, માંડવી, અંજાર તથા ભુજ સંચાલિત શૈક્ષણિક સંસ્થાનોમાંથી સંતો પધારી દર્શન તથા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂજ્ય મહંત સ્વામીએ પ.ભ. નારણભાઈ તથા સુપુત્ર કાન્તિભાઈ આદિ પરિવાર મંદિરના દાતાની દાતારીને બિરદાવી હતી. ગામમાં ૨ પ્લોટ લઈ પાયાથી માંડી શિખર, ટાવર સુધીનું અંદાજે ૭ કરોડની માતબર દાનથી મંદિરનું નવનિર્માણ કરી ઉત્સવમાં મુખ્ય યજમાનપદ શોભાવી ૩૦ લાખની અનામત સેવા સાથે

મંદિર ગામને અર્પણ કર્યું હતું.

આ અગાઉ ભુજ મંદિરના નવનિર્માણમાં પણ મોટું કરોડોનું દાન કર્યું હતું. આ સિવાય પ્લાંસવા વાગડમાં દોઢ કરોડ જેટલી સેવા કરી સંતો અને સત્સંગનો રાજીપો લીધો હતો. અને નવા સત્સંગને મંદિરની ભેટ કરી હતી. કચ્છ સત્સંગમાં દેશ-વિદેશના મંદિરોમાં દેવ હેઠળ થતી સેવા પ્રવૃત્તિમાં ભાગ લઈ ખૂબ સેવા કરનાર નારણભાઈ તથા કાન્તિભાઈ તેમજ તેમના સર્વે કુટુંબીઓને ધન્યવાદ આપ્યા હતા અને દર વર્ષે પોતાની કમાણીમાંથી ભુજ શ્રી નરનારાયણદેવને દશમો ભાગ કાઢી મહારાજને રાજી કરે છે. આ વાત પણ સ્વામીએ યાદ અપાવી હતી. આ સાથે રાઘવાણી પરિવાર કાનજીભાઈ ભીમજી રાઘવાણી, લખમણ ભીમજી રાઘવાણી તથા પ્રેમજી કેશરા રાઘવાણી આદિ પરિવારની પણ ભુજ મંદિર તેમજ કચ્છ સત્સંગમાં દેશ-વિદેશમાં થતાં મંદિરોમાં ખૂબ જ સેવા કરી સત્સંગનો રાજીપો લીધો છે.

પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામી તથા કેરાઈ તેમજ રાઘવાણી પરિવારે તા. ૬-૪-૨૦૧૮ના રોજ ઉદ્‌ઘાટન કરી સત્સંગ સમક્ષ ખુલ્લું મૂક્યું હતું.

તા. ૭ના રોજ ચોવીસે ગામની મંડળી તેમજ વાગડ, અબડાસા વિસ્તારના સમગ્ર સત્સંગીઓને આમંત્રિત કર્યા હતા અને શ્રી ઠાકોરજીની શોભાયાત્રા નીકળી હતી. સવારે ૭ કલાકે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત અભિષેક બાદ પ્રતિષ્ઠા તેમજ પાટોત્સવની આરતી અન્નકૂટ સાથે કરવામાં આવી હતી.

ઉત્સવ દરમ્યાન નવા નવા ઉત્સવોનાં આયોજનો કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ફૂલડોલોત્સવ, પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ જેવા ઉત્સવો ગોઠવાયા હતા. દર રાત્રિમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. શ્રી સહજાનંદ સ્પોર્ટસની દીકરીઓ તથા નાઈરોબીથી આવેલ દીકરીઓ દ્વારા, શ્રી સહજાનંદ ગુરુકુલ, માનકુવાના બાળકો દ્વારા હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયા દ્વારા તથા રાસોત્સવ વગેરે અનેક આકર્ષક રાત્રીય કાર્યક્રમો યોજાયા હતા.

આ નૂતન મંદિરનું ઉદ્‌ઘાટન તથા મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા યજમાનો, સહયજમાનો તથા ગામવાસીઓ, યુ.કે., ઓસ્ટ્રેલીયા, આફ્રિકા, અમેરીકા, શિશલ્સ જેવા અનેક દેશોમાંથી હરિભક્તો પધાર્યા હતા. અને આ સાત દિવસનો મહોત્સવ પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો તથા મંડળધારી સંત સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળના સંતોએ ઉત્સાહ પૂર્વક ગામવાસી ભક્તો, મંદિરની કાર્યવાહક કમીટીને સાથે રાખી વ્યવસ્થા ગોઠવી હતી. આ મહોત્સવને અવિસ્મરણીય બનાવવા દાતાઓ, યજમાનો, સહયજમાનો તથા ગામવાસી ભક્તોને તેમજ સમગ્ર કચ્છ પ્રાંતમાંથી આવેલ ભક્તોને દર્શન તથા આશીર્વાદ પાઠવવા માટે અમદાવાદ દેશ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ગાદીવાળા તથા મોટા ગાદીવાળા પધાર્યા હતા.

આ ઉત્સવમાં બન્ને વાસના હરિભક્તો બહેનો, સાં.યો. બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સૌ ભક્તો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. અને ઉપલાવાસના કાર્યકર્તા હરિભક્તોએ સેવામાં આવેલ દરેકનો અંતરથી સહકાર બદલ આભાર માન્યો હતો.

મંદિર નવનિર્માણના દાતાનું ગામ તરફથી તથા ભુજ મંદિર તરફથી પહેરામણી તથા સન્માન રજતપત્ર આપવામાં આવ્યું હ તું. અન્ય દાતાઓને પણ સેવા બદલ પહેરામણી કરી આવકાર્યા હતા.

સમગ્ર કચ્છના સાં.યો. બહેનોના મહંત સામબાઈ ફઈ સહિત મોટી સંખ્યામાં સાં.યો. બહેનો ૭ દિવસ રોકાઈ બહેનો, યજમાન બહેનો ભક્તોને આવકાર્યા હતા.

- મંત્રીશ્રી

★★★★★★★★★★★★★★

## વાર્ષિક પાટોત્સવ :

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કોડકી

આપણા શરણ્ય ભુજધામમાં વિરાજતા શ્રી નરનારાયણદેવની અપાર કૃપા તથા મહંત સ્વામી આદિ વડીલ સંતોનાં રૂડા આશીર્વાદથી કોડકી ગામના મંદિરનો ૧૯મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો.

અમારા ગામના મંદિર અને સત્સંગનો ઈતિહાસ તો બહુજ પુરાતની છે. સદ્‌ગુરુ અક્ષરજીવનદાસજી સ્વામીએ મંદિરનું નિર્માણ કરેલું અને કચ્છ સત્સંગના મુક્ત અમારા ગામના વરસાણી કાનજી બાપાએ ખૂબ સેવા કરેલી. સમય જતાં જરૂરિયાત જણાતાં સદ્‌ગુરુ સ્વામી રાધામનોહરદાસજીએ જાત મહેનતથી પ્રેરણા આપી મંદિર નવું કરેલું. સમય જતાં જીર્ણ થતાં, આજથી ૧૯ વર્ષ પહેલાં સદ્‌ગુરુ સ્વામી ધર્મકિશોરદાસજીની અસીમ કૃપાથી નવ નિર્માણ પામેલ મંદિરનો ૧૯મો વાર્ષિક પાટોત્સવ તા. ૯-૪-૨૦૧૮ના ખૂબ જ ઉત્સાહભેર ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો.

જેમાં ભુજ મંદિરથી પુરાણી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી તથા પ્રસાદી મંદિરથી સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી આદિ સંતો સંતમંડળ સહિત પધારેલા. તેમાં સંતોએ આજના દિવસ અને પ્રસંગને અનુરૂપ કથા, વાર્તા અને આશીર્વાદનો લાભ આપેલ તથા ભક્તોની નિષ્ઠાવાળી ભક્તિને અને યજમાનોની સેવાને બિરદાવીને ભક્તોને ધન્ય કર્યા હતા.

આજના નૂતન મંદિરના ૧૯મા પાટોત્સવના દિવસે વિશેષમાં ભાઈઓ અને બહેનોનાં મંદિર ઉપર ધજા ચડાવવાની ઉછામણી કરવામાં આવી હતી. જેમાં ભાઈઓના મંદિર ઉપર નારણભાઈ લાલજી હાલાઈ તેમજ બહેનોના મંદિર ઉપર અ.નિ. કાનજીભાઈ લાલજી દબાસીયા હસ્તે ભરતભાઈ (ઓસ્ટ્રેલીયા)એ ઊંચો આંક આપી ધજા ચડાવી હતી.

ત્યારબાદ સંતો અને યજમાનો દ્વારા પંચામૃત વડે શ્રીઠાકોરજીનો મહાભિષેક , છપ્પન ભોગના અન્નકૂટ દર્શન અને આરતી ઉતારવામાં આવી હતી. સર્વે કાર્યક્રમ પૂર્ણ થતાં દરેક ભક્તોએ પંચામૃત પ્રસાદ લીધો. અને મધ્યાહ્ને ગામના સૌ ભક્તો ભોજનરૂપ મહાપ્રસાદ લઈને ધન્ય થયા હતા. આ આજના દિવસે શ્રીઠાકોરજીનો પંચામૃત મહાભિષેક, સંતપૂજન, ભોજનપ્રસાદ સહિત સમગ્ર ઉત્સવના યજમાનપદે મંદિરના પૂજારી પ.ભ. અ.નિ. સામજીભાઈ રત્ના વરસાણીની પુણ્યસ્મૃતિમાં સુપુત્ર ધનજીભાઈ, ભીમજીભાઈ અને નારણભાઈ રહ્યા હતા.

આ પાટોત્સવના ઉપલક્ષ્યમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ રવિસભા અને

## જાહેર આમંત્રણ

**કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ**

## ૧૫મી સત્સંગ શિબિર પવિત્ર તીર્થધામ હરિદ્વારમાં

દરવર્ષે યોજાતી લાભપાંચમ શિબિર આગામી વર્ષે યુવક મંડળની સ્થાપનાને ૧૫ વર્ષ પૂર્ણ થતાં પવિત્ર ગંગાના કિનારે હરિદ્વારમાં યોજાશે. તા. ૨૭/૯/૨૦૧૮ થી ૧/૧૦/૨૦૧૮ સુધી પાંચ દિવસના ભવ્ય આયોજનમાં ભુજ મંદિરના વડીલ અને યુવાન સંતો તથા સાં.યો. બહેનોની હાજરીમાં હજારો યુવાનો યુવતીઓ જોડાશે. આપ સૌ દેશ-વિદેશથી પણ જોડાઇ શકશો, શિબિરમાં ભાગ લેનારે ફોર્મ ભરવો ફરજીયાત છે.

**- યુવક મંડળ કાર્યાલય, ભુજ**

ગુરુવારની સભામાં ભજન ભક્તિનું વિશેષ આયોજન કર્યું હતું. તેમાં ગામના ૧૨૦ થી ૧૩૦ યુવાનો, બાળકો અને વડીલો સૌ સાથે મળીને ૧૩૫૦૦ દંડવત્, ૧૯ કીર્તનો, ૧ કલાક ધૂન, ૧૧ જનમંગલના પાઠ કર્યા હતા.

તેમજ બહેનોના મંદિરમાં પણ સાંખ્યયોગી બહેનો ના માર્ગદર્શન હેઠળ, ભક્તિમય વાતાવરણમાં ૧૧ જનમંગલના પાઠ, ૧૯ કીર્તનો, ૧ કલાક ધૂન અને પંચાગ પ્રણામ જેવા અવનવા કાર્યક્રમો ૧૮૦ થી ૨૦૦ જેટલી યુવતી બહેનો અને બાલિકાઓ અને સમસ્ત સત્સંગી બહેનો મળીને ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્વક પૂર્ણ કર્યા હતા.

વિશેષમાં યુવાનોને સત્સંગમાં લાગણી વધે તે માટે યુવક મંડળ દ્વારા રમત-ગમતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિકેટ, વોલીબોલ અને કબડ્ડી જેવી સ્પર્ધાઓમાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ યુવાનોને ઉત્સાહ વધારવા માટે યુવક મંડળ દ્વારા યુવાનોને ટી-શર્ટ વિતરણ કરવામાં આવ્યા હતા. જેના સહયજમાન હરિભાઈ ખીમજી હીરાણી (યુ.કે.) રહ્યા હતા.

યુવાનો સુંદર ગણવેશમાં અભિષેક, અન્નકૂટ, પંચામૃત પ્રસાદ વિતરણ અને બપોરના મહાપ્રસાદ વિતરણમાં ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્વક સેવી કરી પોતે ધન્ય બન્યા અને ઉત્સવને પણ યાદગાર બનાવી દીધો હતો.

- ધનજી નારણ હાલાઈ, કોડકી

★★★★★★★★★★★★★★

## શિખર - કળશ સ્થાપન : કોડાય ગુરુકુલ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા તથા વડીલ સંતોના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, કોડાય મધ્યે બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવના શિખર ઉપર કળશ પ્રસ્થાપિત કરવાનો દિવ્ય સમારોહ તા. ૮-૪-૨૦૧૮, રવિવારના રોજ ગામ સુરજપરના હાલે લંડન નિવાસી પ.ભ. વિશ્રામભાઈ કાનજીભાઈ વેકરીયા ધ.પ. પુષ્પાબેન, સુપુત્ર વિકેશભાઈ તથા દેવેનભાઈ સહપરિવારના યજમાનપદે હોમાત્મક વિષ્ણુયાગ યજ્ઞ સાથે દબદબાભેર ધામધૂમથી ઉમંગભેર ઉજવવામાં આવેલ. ગુરુકુળના પ્રાર્થના મંદિરમાં કોઠારી પાર્ષદ જાદવજી ભગત, માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સંસ્થાના સ્થાપક સ.ગુ.પુ. સ્વામી મુકુંદપ્રસાદદાસસજી આદિ સંતોની મંગલ ઉપસ્થિતિમાં યોજાયેલ. ભવ્ય સભામાં સંપત્તિનો સદુપયોગ કરનાર યજમાનોનું યથોચિત સન્માન કરાયું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કોઠારી પાર્ષદ જાદવજી ભગતે યજમાનોને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજ મંદિરના કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી તથા મથલ ગુરુકુળના સંચાલક શા. સ્વામી પ્રભુજીવનદાસજીના માર્ગદર્શન અને સહયોગથી સમગ્ર કાર્યક્રમ દિવ્યતાથી સંપન્ન થયો હતો. સભા સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ પોતાની આગવી અને વિશિષ્ટ રસભરી શૈલીમાં સંચાલન કર્યું હતું. જ્યારે આભારદર્શન ગુરુકુળના સંચાલક સ્વામી કૃષ્ણજીવનદાસજીએ કર્યું હતું. ગુરુકુળના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સંતોને સન્માનિત કરાયા હતા. આ અનેરા અવસરે પધારેલ સર્વે હરિભક્તો માટે ગુરુકુળ દ્વારા ભોજનપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. હરિભક્તો અને વિદ્યાર્થીઓએ સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

- સ્વામી ઉત્તમચરણદાસજી

★★★★★★★★★★★★★★

## રાત્રીસભા : ભક્તિનગર માનકુવા

શ્રીજી મહારાજની કૃપા અને વડીલ સંતોના આશીર્વાદથી ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૩-૪-૧૮ થી તા. ૫-૪-૨૦૧૮ સુધી રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. આ સભામાં ભુજ

મંદિરથી વિદ્વાન સંતો સ્વામી શૌનકમુનિદાસજી તેમજ સ્વામી અક્ષરમુનિદાસજી 'માનવ બદલાઈ ગયો છે' વિષય પ્રોજેક્ટર પર સમજ આપી મનનીય છણાવટ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. વર્તમાન સમય અને પરિસ્થિતિની માનવજીવન પર થયેલી અસર અને પ્રભાવની છણાવટ કરાઈ હતી. તા. ૫-૪-૨૦૧૮ના પ્રાતઃકાલે શ્રીઠાકોરજીનો અભિષેક-આરતીનાં દર્શનથી સૌ ધન્ય થયા હતા. બપોરપછી ગામજનોને સઘરી મહાપ્રસાદ ભોજનનું આયોજન હતું.

- જોધાણી રમીલા દેવજી

★★★★★★★★★★★★★

## માંડવી મધ્યે હનુમાન જયંતી ઉજવાયી

ચૈત્રી પુનમ, શનિવાર અને હનુમાન જયંતિ આવો શુભ અવસાર પ્રાપ્ત થયો ત્યારે માંડવી મધ્યે આવેલ કલવાણ રોડ ખારાવાડા શ્રીસ્વામિનારાયણ વિજયભવનમાં વિરાજમાન પ્રસાદીના હનુમાનજીનો ધામધૂમથી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. સ્વયં શ્રીજી મહારાજે પૂજેલા પ્રસાદીના હનુમાનની મૂર્તિ અતિ ચમત્કારી અને દર્શનીય છે. આ પૂર્વે મંદિરની ગૌશાળા અને અત્યારે વિજય ભવનથી પ્રસિદ્ધ એવી પ્રસાદીની જગ્યાએ માંડવી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી નિરંજનમુક્તદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, કોઠારી સ્વામી હરિમુકુન્દદાસજી. પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતોના સાનિધ્યમાં ધામધૂમથી પવનસુત હનુમાન જયંતીના દિવસે હનુમાનજીની સંતો અને યજમાનશ્રી પ.ભ. ખીમજીભાઇ શિવજી ભૂડીયા પરિવારે આરતી ઉતારી હતી. ત્યાર પછી હનુમાન ચાલીશાનો પાઠ તથા સુખડી આદિક અનેક પકવાનોનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

આ ઉત્સવનું યજમાન પદ પ.ભ. ખીમજીભાઇ શિવજી ભૂડીયા, ધ. પ. ધનુબેન ખીમજી ભૂડીયા, પુત્રી ક્રિષ્ના, હેન્સી, નિરમા તથા જિજ્ઞા આદિ ભૂડીયા પરિવારે સ્વીકાર્યું હતું. આ પ્રસાદીના હનુમાનજી જ્યાં વિરાજે છે આ એજ સ્થળ છે જ્યાં ઘાંચી પાડા તરીકે આજે પણ ઓળખાય છે. જ્યાં ચાંપસી સુતારનું ઘર હતું અને શ્રીજી મહારાજે અહીં ઊંટને રોટલો ખવડાવ્યો હતો. આવી પવિત્ર ભૂમિમાં સંતો - તેમજ ઉત્સવ સમિતીના સભ્યોમાં શ્રી કાનજીભાઇ માવજી હાલાઇ, દેવજીભાઇ પ્રેમજી સુરજાણી, શિવજીભાઇ પ્રેમજી વેકરીયા, કુવજીભાઇ મુરજી ભૂડીયા, લાલજીભાઇ મનજી હીરાણી તથા કલ્યાણભાઇ લાલજી હીરાણીએ સાથે મળીને આ ઉત્સવને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે માંડવી વિસ્તારના સર્વે હરિભક્તોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો.

- કોઠારી સ્વામી

★★★★★★★★★★★★★★

## પાટોત્સવ - આમારા

અબડાસા વિસ્તારના આમારા ગામ મધ્યે મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી મંડળના સંતો પૈકી સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો દ્વારા તા. ૧૬-૪-૧૮ સોમવારના રોજ શ્રી ઘનશ્યામ મહારાજનો તૃતિય વાર્ષિક પાટોત્સવ, પંચામૃત અભિષેક અને અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સ્વામી હરિબળદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, વિદ્યાર્થી સ્વામી વ્રજવિહારીદાસજી તથા સ્વામી વિવેકમુનિદાસજી પધારી ઉત્સવને શોભાવ્યો હતો. જેમાં વક્તાપદે વિદ્યાર્થી સ્વામી વ્રજવિહારીદાસજીએ કારીયાણીના વચનામૃત ઉપર સુંદર કથાનું રસપાન કરાવ્યું હતું. અને સભાસંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. આ પાટોત્સવમાં શ્રીઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરાયો જેના મુખ્ય યજમાન પ.ભ. માવજીભાઈ હરજીભાઈ રાબડીયા, વાડાસર રહ્યા હતા. અને ધજાના યજમાનપદે પ.ભ. ગોવિંદભાઈ મનજીભાઈ ચૌહાણ રહ્યા હતા. આ પાટોત્સવ પ્રસંગે સત્સંગી બહેનોએ વિવિધ

પ્રકારના થાળ બનાવીને શ્રી ઘનશ્યામ મહારાજની આગળ અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો અને યજમાન દ્વારા આરતી ઉતારવામાં આવી હતી. હર્ષ, ઉમંગ અને ભક્તિભાવ ભર્યા આ પ્રસંગે દેશના તથા બહારથી આવેલા તમામ હરિભક્તોએ આનંદ અનુભવ્યો હતો. સભાના અંતે પુ. સ્વામી હરિબળદાસજી તથા શા. સ્વામી દેવચરણદાસજીએ આશીર્વાદ આપી સૌને ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, આમારા

★★★★★★★★★★★★★★

## સત્સંગ સભા : પલાંસવા

ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદથી વાગડમાં શ્રી નરનારાયણગદેવના ૧૯૫મા પાટોત્સવના ઉપલક્ષ્યમાં સત્સંગ સભા કરવામાં આવી. અનેક જીવોના કલ્યાણ થઈ રહ્યા છે. જેમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકાના પલાંસવા ગામે તા. ૨-૩-૪ એપ્રિલ ૨૦૧૮ના જાહેર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. કથાના વક્તાપદે શા. સ્વામી અક્ષરમુનિદાસજી રહી માતાના ગર્ભમાં મળતાં સંસ્કારો ઉપર પોતાની આગવી અને સરળ શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. બહોળી સંખ્યામાં સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંતો પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતાં. સમગ્ર કથાનું સભાસંચાલન સ્વામી રામાનુજદાસજીએ સંભાળ્યું હતું. પલાંસવા ગામના હરિભક્તો તેમજ સમાજના આગેવાનો પધારી બહોળી સંખ્યામાં ગામજનો પધારી કથાનો લાભ લીધો હતો. સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ પાઠવતાં ૫૨ વર્ષ પહેલા સંવત્ ૨૦૨૨ની સાલમાં ગૌશાળામાં દર્શન કરી ભક્તોને કરાવેલ સત્સંગને યાદ કરાવ્યો હતો. આ સત્સંગ સભા દ્વારા અનેક મુમુક્ષુએ કંઠીઓ ધારણ કરી વ્યસન મુક્ત બન્યા હતાં.

- નારણભાઈ ભરવાડ, પલાંસવા


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી સહજાનંદ ગુરૂકુલ સંચાલિત**

**S.S.G.M. SCHOOL**

**હાર્દિક નિમંત્રણ**

**મંગલ વાસ્તુપૂજન મહોત્સવ : તા. ૨૩-૫-૨૦૧૮, બુધવાર**

**કાર્યક્રમ-સમય : તા. ૨૩-૫-૨૦૧૮, સાંજે ૭:૦૦ થી ૧૦:૩૦ કલાકે**

**નિમંત્રક** : સંચાલક શા. સ્વામી ગોલોકવિહારીદાસજી તથા આદિ ટ્રસ્ટી મંડળ, સંચાલક મંડળ તથા બાંધકામ સમિતિ

**સ્થળ** : શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવા



# સત્સંગ સમાચાર વિદેશ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, લંડનમાં ઉજવાયો ભક્તિ સમર્પણ ઉત્સવ અને ઈસ્ટર શિબિર - ૨૦૧૮



તા. ૩૦-૩-૨૦૧૮ થી તા. ૧-૪-૨૦૧૮ના રોજ ત્રિ-દિવસીય ઈસ્ટર શિબિરનું આયોજન થયું હતું. શુક્રવારના મધ્યાહ્ન સમયે આપણા જ મંદિરમાં શિબિરનો શુભારંભ થયો હતો. દરવખતની જેમ આ વર્ષે પ્રેઝન્ટેશન થયાં હતાં. જેમાં આ વર્ષે પણ આપણા સત્સંગનું ભવિષ્ય જળવાઈ રહે તે હેતુથી ભૂતકાળનો સત્સંગ, વર્તમાનકાળનો સત્સંગ તેમજ ભવિષ્યનો સત્સંગ મજબુત રહે તેવા ઉમદા હેતુથી આપણા યુવાનોએ ખૂબ મહેનત કરી પ્રેઝન્ટેશન તૈયાર કર્યાં હતાં. પ્રથમ દિવસે સ્વામી પરમહંસદાસજી અને ભાવેશભાઈ ટાપરીયાએ સાથે મળીને ભૂતકાળમાં આપણા વડીલોએ વિપરિત પરિસ્થિતિઓમાં સત્સંગ કેવી રીતે જીવંત રાખ્યો હતો તેના ઉપર સરસ દૃષ્ટાંતો દ્વારા પ્રેઝન્ટેશન કર્યું હતું. બપોરે ભોજન બાદ એક્ટીવીટી પણ યુવાનોએ કરી હતી. અને તે જ સંધ્યાએ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજની આગળ સ્વામી ભક્તિપ્રકાશદાસજીના નેતૃત્વ હેઠળ ભક્તિ સમર્પણ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. હેરો યુવક મંડળને ૨૦ વર્ષ પૂર્ણ થતાં અને શ્રીઘનશ્યામ મહારાજને ૨૧ વર્ષ પૂર્ણ થયા એ નિમિત્તે આ ઉત્સવ ઉજવાવમાં આવ્યો હતો. આ ઉત્સવમાં જે જે યુવાનોએ વિશેષ ભજન કર્યું હતું તેમને યજમાનપદ આપવામાં આવ્યું હતું. શ્રીઘનશ્યામ મહારાજની ષોડષોપચારે વેદોક્ત વિધિથી વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારના ફળ સેવા, પુષ્પ સેવા, જનમંગલ સેવા, મંત્રલેખન સેવા, પ્રદક્ષિણા-દંડવત્ સેવા આદિ અનેક સેવા દ્વારા સ્વામી ભક્તિવેદાંતદાસજીના સુમધુર કંઠે તેમજ યુવાનોએ ભગવાનને રાજી કર્યા હતા. અંતમાં ભગવાન ઉપર મહાપુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.





શિબિરના બીજા દિવસો સ્વામી વેદાંતસ્વરૂપદાસજી તેમજ દિપેનભાઈએ અત્યારે સત્સંગમાં કરવામાં કઈ કઈ બાબતો અડચણ થાય છે તેને ધ્યાનમાં લઈને અમુક વર્તમાનના મુદ્દાઓને લઈને પ્રેઝન્ટેશન કર્યું હતું. અને ત્યારબાદ બોપર પછીના સત્રમાં ગેમ્સ રમ્યા હતા. શિબિરના અંતિમ દિવસે ઈસ્ટલંડનના યુવાનોએ ભવિષ્યમાં આપણો સત્સંગ અવિરત રહે અને મજબૂત રહે એવા સરસ મુદ્દાઓ દ્વારા પ્રેઝન્ટેશન કર્યું હતું.

અંતે સાંજની સભા પૂર્વે શ્રી ઘનશ્યામ મહારાજની આગળ વિશેષ અન્નકૂટ કરવામાં આવ્યો હતો. જેમાં દક્ષિણ ભારતની પ્રચલિત વાનગી પદાર્થો મુકવામાં આવ્યા હતા. સાંજની સભામાં ગત વર્ષમાં થયેલ તમામ પ્રવૃત્તિઓને હરિભક્તોની આગળ પ્રેઝન્ટેશનના માધ્યમથી બતાવાયું હતું.

એવી જ રીતે મંદિરના આગેવાન સેવકોમાં મનસુખભાઈ માયાણી જે બાલ યુવક મંડળના સંસ્થાપક હતા. એવીજ રીતે ધર્મેન્દ્રભાઈ જેસાણી અને મંદિરના પ્રમુખ સુરેશભાઈ રાબડીયાએ ખૂબ હેતપૂર્વક આશીર્વાદ અને યુવાનોને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા.

આ અનેરો ઉત્સવ અને અગાઉ શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૧મા પાટોત્સવના યજમાનપદે રહી શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ, હેરોએ મંદિરની ખૂબ જ શોભા વધારી હતી તે બદલ મંદિર તરફથી આપણા જ મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેકનું પહેલું પ્રસાદીનું ધોતીયું, આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સર્વે મંદિરના સંતોનું સહી કરેલું આ પ્રસાદીનું ધોતિયું યુવક મંડળને ભેટ રૂપ અર્પણ કરવામાં આવેલું.

જેમ યુવાનો માટે કાર્યક્રમ ગોઠવેલા હતા એવી જ રીતે બાળકો માટે પણ કાર્યક્રમ ગોઠવેલા હતા. જેમાં નાના બાળકોએ શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા ત્રણ કલાકમાં જેવા બને એવા એમની ભાવનાથી બનાવેલા હતા.

આ ઉત્સવમાં સહભાગી સર્વે સ્વયં સેવકો મંદિરના દરેક સેવા પ્રવૃત્તિમાં જોડાયેલા હરિભક્તોને મંદિર વતીથી ખૂબ આભાર વ્યક્ત કરેલો.

સાંજના પ્રેઝન્ટેશન બાદ ઠાકોરથાળી મહોત્સવ અને સર્વે હરિભક્તો માટે પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

- મંત્રીશ્રી રીકીનભાઈ કેરાઈ

★★★★★★★★★★★★★★★★★★

## શ્રીરામનવમી, શ્રીસ્વામિનારાયણ જયંતી તેમજ હનુમાન જયંતીની ઉજવણી : સ્ટેનમોર (યુ.કે.)

આપણા સંપ્રદાયની પરંપરા અનુસાર શ્રીસ્વામિનારાયણ મંદિર, સ્ટેનમોર (યુ.કે.) મધ્યે તા. ૨૫-૦૩-૨૦૧૮ના રોજ રામનવમી એવં શ્રીસ્વામિનારાયણ જયંતીની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. રામનવમીના પવિત્ર દિવસે સવારે ૬.૩૦ વાગ્યે મહાપૂજા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો જોડાયા હતાં. રામનવમીનાં ઉત્સવની આરતી બપોરે ૧૨.૦૦ વાગ્યે કરવામાં આવી હતી અને સ્વામિનારાયણ જયંતીની આરતી રાતે ૮.૦૦ વાગ્યે તથા બીજી આરતી રાતે ૧૦.૦૦ વાગ્યે કરવામાં આવી હતી અને ત્યારબાદ શ્રીઠાકોરજીને વિવિધ પ્રકારનાં વ્યંજનો, મિષ્ટાનો, ફળો વિગેરે દ્વારા અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ જયંતીની આરતી તથા અન્નકૂટના યજમાનપદે અ.નિ. મહેન્દ્રભાઈ મુરજીભાઈ પટેલ, હસ્તે અક્ષયભાઈ પટેલ સહપરિવાર રહ્યાં હતા. જન્મોત્સવની ઉજવણી બાદ સૌને પંચાજીરી તથા પંચામૃતનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. તેમજ ઠાકોરજીની છઠ્ઠીની આરતી તા. ૩૦-૦૩-૨૦૧૮ ગુડ ફ્રાઈડેના દિવસે ઉતારવામાં આવી હતી. તેમજ ત્યારપછીના દિવસે ચૈત્ર સુદ-૧૫ હનુમાનજયંતીના દિવસે હનુમાજી મહારાજની સમૂહ મહાપૂજા કરવામાં આવી હતી. જેના યજમાનપદે પ.ભ. કરશનભાઈ દેવરાજ વેકરીયા સહપરિવાર રહ્યાં હતાં. જેમાં પણ મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા અને હનુમાનજીના પૂજનનો લાભ લીધો હતો.

- પૂજારી ગોવિંદ ખેતાણી

# પુરુષોત્તમ માસનું મહાત્મ્ય




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો ! જય શ્રી સ્વામિનારાયણ, તા, ૧૬ - ૫ - ૨૦૧૮ થી અધિક જેઠ માસનો પ્રારંભ થાય છે. અધિક માસને પુરુષોત્તમ માસ કહેવામાં આવે છે આ મહિનામાં જપ,તપ,વ્રત આદિ કરવાથી ભગવાન અતિ પ્રસન્ન થાય છે. અને મનવાંછિત ઇચ્છાપૂર્ણ કરે છે માટે કાંઇ એકાદ નિયમ જરૂર લેજો. ચાલો આપણે પુરુષોત્તમ માસ વિષેની એક વાર્તા સાંભળીએ, જેથી એમનો મહિમા સમજાય.

એક ગામમાં એક બ્રાહ્મણ અને તેની પત્ની રહે. તેઓ સર્વે રીતે સુખી. પણ કોઇ સંતાન નહિ. તેથી તે હંમેશાં ચિંતાતુર રહે. એવામાં પુરુષોત્તમ (અધિક) માસ આવ્યો. તેમાં બન્ને નિયમ લિધો કે દરરોજ નદીએ નહાવા જવાનું ઘરે આવી ભગવાનની પૂજા કરવાની અને પછી અખો દિવસ હરિસ્મરણ કરવું. વૃદ્ધ હતાં છતાં નિયમિત આ બધું કરે. એક જ ટાઇમ ભોજન કરતાં. આ એક ટાઇમ રોજ રાંધવાની કડાકૂટ કરવી પડે, એક દિવસે બ્રાહ્મણે પોતાની પત્નીને કહ્યું : 'આપણે જો દીકરો હોત તો દીકરાની વહુ આવત તો તે ઘરનું બધુ કામ કરત અને આપણે નિરાંતે ધ્યાન-ભજન કરત.'

બ્રાહ્મણ પત્નીએ કહ્યું : 'તો પછી તમો વહુ લઇ આવો ? બ્રાહ્મણે કહ્યું 'પણ દીકરા વિના વહુ કયાંથી લાવવી? બ્રાહ્મણી કહે : 'એ હું કંઇ ન જાણું. ગમે તેમ કરીને વહુ લાવો' બ્રાહ્મણ પત્નીએ હઠ પકડી. બ્રાહ્મણ મૂંઝાયો, એટલે બ્રાહ્મણી કહે, તમો કન્યાની તપાસ કરવા જાઓ, જો કન્યા મળી જાય અને મુરતીયો જોવાનું કહે તો કહેવાનું, દીકરો કાશીમાં ભણવા ગયો છે અને તે એક મહિનામાં આવી જશે. અંતે બ્રાહ્મણ કન્યાની શોધમાં નીકળ્યો. દૂર કોઇ ગામમાં એક ગોર મહારાજને મળ્યા અને તેને વાત કરી . કન્યાની તપાસ કરતાં એક રૂપવાન કન્યા જોઇ. કન્યા ગમી પરંતુ ગોર મહારાજ કહે, 'મુરતીયો જોયા વિના સગપણ કેમ થાય ! બ્રાહ્મણ કહે એ વાત સાચી પણ દીકરો કાશીએ ભણવા ગયો છે. તે એક મહિનો પૂરો થાશે ત્યારે આવશે. માટે અત્યારે ત્રણ ફેરા એની પાઘડીને ફેરાવી લૈયે, અને ચોથો ફેરો દીકરો આવશે ત્યારે એની સાથે ફેરાવી લઇશું. પાછું આટલું દૂર આવવું ના પડે. ગોર મહારાજ સમજી ગયા અને પાઘડી સાથે ત્રણ ફેરા ફરાવીને વહુને લઇને હરખભેર ઘેર આવી ગયા. ઘરમાં રસોઇ આદિ કામ કરવાવાળી પુત્રવધૂ આવી. આથી બ્રાહ્મણી તો રાજીનાં રેડ થઇ ગઇ.

આ છૂપું કેટલા દિવસ રહે. એક દિવસ બ્રાહ્મણ અને બ્રાહ્મણી નદીએ નહાવા ગયેલાં. વહુ ઘરમાં રસોઇ કરતી હતી. એવામાં કોઇ સંબંધી આવ્યા. તેણે કન્યાને જોઇને પૂછયું તમો કોણ છો ? વહુએ કહ્યું : 'હું તો આ બ્રાહ્મણના પુત્રની પત્ની છું.' પત્ની,...! પણ આ બ્રાહ્મણને તો દીકરો જ નથી તો તું વહુ થઇને કેવી રીતે આવી ? તે સાંભળીને વહુના મનમાં મૂંઝવણનો પાર ન રહ્યો અને મનમાં વિચારવા લાગી કે, શું આ મારી સાથે રમત રમાઇ ગઇ ? તેવામાં સાસુ-સસરો નદીએથી નાહીને આવ્યાં તો વહુને મુંઝાએલા અને ગુસ્સામાં જોઇ, પૂછયું , 'બેટા શું થયું છે ? તમો ઉદાસ અને ગુસ્સામાં કેમ જણાઓ છો ?' વહુએ જવાબ આપ્યો, તમારે દીકરો જ નથી. મારા મા-બાપને ખોટું સમજાવીને તમો મને લાવ્યા છો ? સાસુએ કહ્યું તમને કોણે કહ્યું, ' મારે દીકરો નથી ?' તમારા સંબંધી આવ્યા હતા તેણે આ વાત કરી. સાસુ કહે, 'તમો વિશ્વાસ રાખો મારો દીકરો આ માસ પૂરો થતાં આવી જશે. સાસુએ સમજાવી કે તમો શાંતિ રાખો અને વિશ્વાસ રાખો, દીકરો જરૂર આવશે.'

એક દિવસે સાસુએ ઘરના ઓરડાની બધી ચાવીઓ વહુને આપીને કહ્યું : 'તમારે જે કાંઇ પણ વસ્તુ જોઇતી હોય તો આ છ ઓરડા ઉઘાડીને લઇ લેવી. પણ આ સાતમો ઓરડો ઉઘાડશો નહિ' એક દિવસ બ્રાહ્મણ અને બ્રાહ્મણી નદીએ નહાવા ગયાં. ત્યારે વહુએ છ ઓરડા ઉઘાડીને જોયું તો તે અનાજ, કઠોર, વસ્ત્રો-દાગીના, સોનામહોરો-હીરા, ઝવેરાત વગેરેથી ભરાએલા જોઇને આશ્ચર્ય પામી ગઇ ! પછી વિચારીયું કે, આ સાતમાં ઓરડામાં શું હશે,! એમ વિચારીને એ જોવા માટે સાતમો ઓરડો ઉઘાડ્યો તો તેમાં એક દીવો પ્રકાશી રહ્યો હતો. અંદર એક પુરુષને બેઠેલો જોયો, બારણું ઉઘડેલું જોઇ એ પુરુષે અવાજ આપ્યો 'અરે.. દરવાજો વાસી દો, મને શાસ્ત્રો વિચારવામાં ખલેલ પડે છે. પુરુષોત્તમ માસ પૂરો થશે પછી આપણે ચોથો ફેરો ફરીશું.' આ શબ્દ સાંભળી વહુએ હર્ષભેર કમાડ વાસી દીધું અને સાસુની વાત ઉપર પાકો વિશ્વાસ આવ્યો કે એને દીકરો છે.

ત્યાર પછી તો સાસુ-સસરાની હર્ષથી સેવા કરવા લાગી, પરંતુ તેણે સાતમો ઓરડો ઉઘાડ્યો હતો તે વાત કહી નહિ. એમ કરતાં પુરુષોત્તમ માસ પૂરો થયો, એટલે વહુએ સાસુ-સસરાને ચોથો ફેરો ફરવવા માટે વિનંતી કરી. માંડવો રોપાવો અને ચોરી બંધાવો, વાજિંત્રો વગડાવો, મંગલ ગીતો ગવડાવો વાત સાંભળી સાસુ-સસરો મૂંઝાયા, કે હવે શું કરવું, એમને ખબર ન હતી કે

સાતમાં ઓરડામાં શું છે ? અંતે ભગવાનને પ્રાર્થના કરી, હે પુરુષોત્તમ ભગવાન ! અમે ભાવપૂર્વક તમારું વ્રત કરેલું હોય તો આ સંકટમાં અમારી સહાય કરો. એમ પ્રાર્થના કરી સાતમો ઓરડો ઉઘાડ્યો અને ઉઘાડતાં જ, પીળું પીતાંબર જેણે પહેરેલું છે એવા પુરુષોત્તમ ભગવાન ઓરડામાંથી બહાર આવ્યા, આ આશ્ચર્ય જોઇ બ્રાહ્મણ અને બ્રાહ્મણીને આનંદનો પાર ન રહ્યો. ભગવાનને પુત્ર માની ભેટી પડ્યા. પછી મંડપ બંધાવી વાજિંત્રોની સાથે ચોથો ફેરો ફેરાવી દીધો. બ્રાહ્મણ અને બ્રાહ્મણીને આનંદ આનંદ થઇ ગયો. એને પુરુષોત્તમ માસના વ્રતનું ફળ મળી ગયું. આવું પુરુષોત્તમ માસનું અપાર મહાત્મ્ય છે.

## વેકેશન એટલે....?

**નવરાશની પળોમાં સમયનો સદ્‌ઉપયોગ કરી**
**રચનાત્મક પ્રવૃત્તિ કરવાનો અવસર**

હા..શ !

પરીક્ષા સમાપ્ત થઈને શાળામાં પડયું વેકેશન !

હવે તો રમવું, ફરવું, ખાવું-પીવું ને ટીવી જોવી, વિડીયો ગેમ રમવી એમ જ ને !

ના, ના, ના, બાળમિત્ર, જો વેકેશનની છુટ્ટીમાં હરવું, ફરવું, ખાવું-પીવું ને રમવું એ જ વેકેશન માનતા હોઇએ તો એ આપણી ભૂલ છે.

કારણ.. કે વેકેશન એટલે તો નવું શીખવું, ઘણું જાણવું ને કશુંક કરી બતાવવું ! એ જ વેકેશનની સફળતા છે.

બાળમિત્રો, વેકેશન છે, ભણવાનો બોજો નથી, કોઇ ટેન્શન નથી, સમય જ સમય છે. હજી શીખવાનું, જાણવાનું, માણવાનું, સમજવાનું ઘણું છે. તો વેકેશનમાં કંઇક શીખવાનો સંકલ્પ કરીએ.

તો, આવો જાણી લઇએ કે આપણા લાં..બા.. વેકેશનમાં આપણે શું કરી શકીશું ?...

તો પહેલાં તમે તમને તપાસો કે તમને શેમાં રસ છે ? સંગીતમાં, વાંચનમાં, નૃત્યમાં, ચિત્રકલામાં, રમતગમતમાં કે પછી અવનવી વસ્તુઓ બનાવવામાં,,

બાળમિત્રો, તમે તમારા વડીલોના માર્ગદર્શન પ્રમાણે વિવિધ તાલિમ વર્ગોમાં જોડાઈને તમારા કૌશલ્યને વિકસાવી શકો છો.

વિશેષમાં આ વર્ષે શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે એ પણ ઘર બેઠા માટે એમાં જરૂર ભાગ લેજો અને એક દિવસીય બાલમંચનું આયોજન રાખેલ છે તો એમાં જરૂર પધારજો.

આપનો કિંમતી સમય જયાં ત્યાં વેડફી ન નાખજો. બાલમંડળમાં આવતાં બાળકો માટે આ વેકેશન મહત્ત્વપૂર્ણ બનવું જોઇએ. વેકેશનની મોજમાં આપણું બાલમંડળ ભૂલાઇ ન જાય તે ધ્યાન રાખજો... જય શ્રી સ્વામિનારાયણ .......



**અમે બન્ને પાકા મિત્રો, હળી મળીને કરીએ કામ;**
**પાંચ પાંચ સેવક સંગાથ, વાત ન કરીએ કોઈની સાથ.**

**કરે અળવીતરાઇ એવી, દિવસ-રાતો કેમે સહેવી?;**
**તપતો તપતો તપારો, બપોરે મળે ના જપારો.**

**પગે, આંખે, ચાંચે પીળાં, અક્કડ ચાલ ચાલે;**
**જીવડાં નાનાં વીણી ખાય, કલબલાટમાં ભારી ભાઈ.**

### -: શબ્દ રચના :-

બાલ મિત્રો, નીચે આપેલ શબ્દ રચનામાં બાલ સત્સંગમાં આપેલી પ્રતિજ્ઞાઓ મૂકેલ છે તેને આપેલા ઉદાહરણ પ્રામાણે સમજી વિચારીને પૂર્ણ કરો.

| | | | |
|---|---|---|---|
| (૧) હું | વં | | ન |
| (૨) હું | | લ | ક |
| (૩) હું ભગવાનને ધરાવેલું | જ | મી | શ |
| (૪) હું | જ | ત | |
| (૫) હું | શ | | ણ |
| (૬) હું | મ | | દ |
| (૭) હું | | પ | ડાં |
| (૮) હું | | જા | રુ |
| (૯) હું | આ | | ર્શ |
| (૧૦) હું | ખ | | બ |

**બોલો, એ કોણ ?**

નથી એ મેઘ, તોય ઘનશ્યામ છે,
નથી એ મોર, તોય નીલકંઠ છે,
નથી એ કાળો, તોય કૃષ્ણ છે,
નથી એ સિંહ, તોય હરિ છે,
નથી એ યુધિષ્ઠિર, તોય ધર્મ પુત્ર છે,
નથી એ જ્ઞાનવૈરાગ્ય,તોય ભક્તિ પુત્ર છે,
નથી એ મૂક, તોય નારાયણમુનિ છે,
નથી એ રાજવી, તોય ત્રિભુવનપતિ છે.

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૧/- માવજી દેવજી કેરાઈ, બળદીયા હાલે નૈરોબી, બળદીયા ઉ.વા. ભાઈઓના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે ભેટ
૫૦૦/- ગં.સ્વ. પુરબાઈ વાલજી કેરાઈ, પુત્ર પ્રવિણ, ધ.પ. વિજયાબેન સહપરિવાર, નારણપર, પાટોત્સવ નિમિત્તે ભેટ
૫૦૦/- મંજુલાબેન દિનેશ કુરજી કેરાઈ, નારણપર ની.વા., સુપુત્રી ચિ. કિંજલના લગ્ન નિમિત્તે ભેટ
૫૦૦/- વિશ્રામભાઈ કાનજી વેકરીયા ધ.પ.પુષ્પાબેન સહપરિવાર, સુરજપર, કોડાય ગુરુકુળના શિખર પર કળશ ચડાવ્યા તે નિમિત્તે ભેટ
૫૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર, આમારાના સત્સંગીઓ, આમારા, આમારા શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ નિમિત્તે ભેટ
૫૦૦/- સાં.યો. કવિતાબેન ભગુભાઈ, યોગીનગર, કવિતાબેન દીક્ષા ગ્રહણ કરી તે નિમિત્તે ભેટ
૩૦૦/- ભાવેશ લાલજી રવજી વેકરીયા, શ્રીહરિ જયંતી નિમિત્તે ભેટ
૨૫૧/- દિપક માવજી વરસાણી હ. માવજીભાઈ, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૦/- પ્રેમજી લાલજી રાઘવાણી, બળદીયા, એકટીવા ગાડીની ખરીદી કરી તે નિમિત્તે ભેટ
૨૫૦/- મુરજી નાનજી હીરાણી, ભક્તિનગર હાલે મોમ્બાસા, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૫૦/- વિશ્રામ મુરજી હીરાણીભક્તિનગર હાલે મોમ્બાસા, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૧૦/- રમેશ પરબત કાનજી હીરાણી, નારણપર હાલે સીટીજન શીપ મળ્યું તે નિમિત્તે ભેટ
૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૦૦/- કિરણ માવજી હીરાણી, મેઘપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૯૫/- શિવજીભાઈ ધનજી પિંડોરીયા (માસ્તર), માધાપર, શ્રી નરનારાયણદેવના ૧૯૫મા પોટોત્સવ નિમિત્તે ભેટ
૧૫૧/- ક્રિયાના કપિલભાઈ કેરાઈ, સામત્રા, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- મ્યાન વિકાસ ગોરસીયા, સીડની-ઓસ્ટ્રેલીયા, શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે ભેટ


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



ભુજ નિત્યદર્શનમ્ દ્વારા

હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને



+91 73592 50231

ઉપર અરજી મોકલો

આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.




શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ - માંડવી




માંડવી પ્રસાદીના વંડામાં હનુમાન જયંતીનો ઉત્સવ ઉજવાયો




ભુજ મંદિરની વાડીમાં શિયાળુ ઘઉંના પાકમાં ઠાકોરજીની પધરામણી





રાપર ગુરૂકુલમાં શ્રી ઘનશ્યામ મહોરાજનો વાર્ષિક પાટોત્સવ સાથે વાર્ષિક રમતોત્સવ ઉજવાયો




શ્રી સ્વા. મંદિરનો વાર્ષિક પાટોત્સવ - મેલ્બર્ન - ઓસ્ટ્રેલીયા




શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ - અંજાર








શ્રી સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ - કોડકી

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2018/UPTO 31-12-2018

# ગામ બળદિયાના હાલે નાઈરોબીના પ.ભ. નારણભાઈ મનજી કેરાઈ સુપુત્ર કાન્તીભાઈ આદિ પરિવારના આર્થિક યોગદાનથી નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર તથા રાઘવાણી પરિવારના સહયજમાન પદે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો - બળદિયા (ઉપલોવાસ)









